Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી I ❤ Gujarat ગુજરાત

Gujarati Weekly Community Newspaper

| Vol. 1 | Issue 39 | 14 March 2026 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |



### વડતાલધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, ટોરોન્ટો અને નોર્થ યોર્ક ગુજરાતી કૉમ્યૂનિટી ગ્રૂપના સંયુક્ત આયોજન હેઠળ

# ઈન્ટરનેશનલ વુમન્સ ડેની ભવ્ય ઉજવણી









ટોરોન્ટોમાં આવેલ વડતાલધામ શ્રી સ્વામિનારાયણ મંદિર અને નોર્થ યોર્ક ગુજરાતી કૉમ્યૂનિટી ગ્રૂપના સંયુક્ત આયોજન હેઠળ રવિવાર, ૮ માર્ચ ૨૦૨૬ના રોજ ઈન્ટરનેશનલ વુમન્સ ડે નિમિત્તે ભવ્ય અને પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ 2400 Finch Ave W, North York ખાતે યોજાયો હતો અને તેમાં સમાજના અનેક સભ્યો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા મહિલાઓની પ્રતિભા અને શક્તિનું સુંદર પ્રદર્શન થયું. ખાસ કરીને બાળકોના ગ્રુપ ડાન્સે સૌનું દિલ જીતી લીધું. નાના બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલ આ નૃત્ય પ્રદર્શન ખૂબ જ ઉત્સાહજનક અને મનમોહક હતું, જેને હાજર રહેલા તમામ લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવ્યું. કાર્યક્રમનું એક વિશેષ આકર્ષણ મિસ્તી પટેલ દ્વારા રજૂ કરાયેલ ભરતનાટ્યમ નૃત્ય હતું. તેમના સુંદર અભિનય, ભાવભંગિમા અને તાલમેળથી દર્શકો મંત્રમુગ્ધ થઈ ગયા. પરંપરાગત ભારતીય નૃત્યકલાનું આ અદભૂત પ્રદર્શન કાર્યક્રમને વિશેષ બનાવતું રહ્યું.

કાર્યક્રમનું સંચાલન માનસી પટેલ દ્વારા ખૂબ જ આત્મવિશ્વાસપૂર્વક અને સુંદર રીતે કરવામાં આવ્યું. તેમના સરળ અને અસરકારક સંચાલનથી સમગ્ર કાર્યક્રમ સુવ્યવસ્થિત રીતે આગળ વધ્યો. આ પ્રસંગે સમાજની પ્રેરણાદાયી મહિલાઓ - પ્રેમલ નાયક, હિમજા પટેલ, શિરાલી પટેલ, હેમાંશી કોટક અને ઈશિતા પટેલ - દ્વારા મહિલા દિવસના મહત્વ પર પ્રેરક ભાષણો આપવામાં આવ્યા. તેમના વિચારો અને અનુભવો સમાજની મહિલાઓ અને યુવા પેઢી માટે પ્રેરણાસ્ત્રોત બન્યા.

નોર્થ યોર્ક ગુજરાતી કૉમ્યૂનિટી ગ્રૂપના પ્રમુખ પ્રજ્ઞેશ પટેલે મહિલા સશક્તિકરણ વિષય પર એક અત્યંત અસરકારક અને માહિતીસભર પ્રેઝન્ટેશન રજૂ કર્યું. તેમણે આજના સમયમાં મહિલાઓ વિવિધ ક્ષેત્રોમાં કેવી રીતે આગળ વધી રહી છે તેની વિસ્તૃત ચર્ચા કરી અને સમાજના વિકાસમાં મહિલાઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. તેમણે સમાજને અપીલ કરી કે મહિલાઓને સમાન તક, પ્રોત્સાહન અને સમર્થન આપવું ખૂબ જ જરૂરી છે જેથી તેઓ પોતાના સપનાઓ પૂર્ણ કરી શકે. તેમના પ્રેઝન્ટેશન દ્વારા યુવા પેઢીને ખાસ કરીને શિક્ષણ, નેતૃત્વ અને વ્યવસાયિક ક્ષેત્રોમાં આગળ વધવા માટે પ્રેરણા મળી.

અનુસંધાન પાન નં. 6 પર





# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**14 માર્ચ આવતા શનિવાર સુધી**

**મેષ રાશિ** **અ, લ, ઈ** આ સપ્તાહ મેષ રાશિના જાતકો માટે કાર્યક્ષેત્રમાં પ્રગતિ લાવનારું રહેશે. નોકરીમાં નવી જવાબદારીઓ મળી શકે છે અને વેપારમાં નવા સંપર્કો બનવાની શક્યતા છે. આર્થિક રીતે લાભદાયક સ્થિતિ સર્જાશે, પરંતુ અચાનક ખર્ચ પણ થઈ શકે છે.

**વૃષભ રાશિ** **બ, વ, ઉ** વૃષભ રાશિના લોકો માટે આ સપ્તાહ સ્થિરતા અને પ્રગતિ લાવનારું રહેશે. લાંબા સમયથી અટકેલા કામ પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ અધિકારીઓનો સહકાર મળશે. વેપારમાં નવા સોદા થઈ શકે છે. ઘરેલુ જીવનમાં ખુશી રહેશે. સ્વાસ્થ્ય સામાન્ય રહેશે,

**મિથુન રાશિ** **ક, છ, ઘ** મિથુન રાશિના જાતકો માટે આ સપ્તાહમાં નવી તક અને નવા વિચારો જન્મ લેશે. કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેવા માટે સમય અનુકૂળ છે. વેપાર અથવા નોકરીમાં પ્રગતિના સંકેતો મળશે.

**કર્ક રાશિ** **ડ, હ** કર્ક રાશિના જાતકો માટે આ સપ્તાહમાં થોડી વ્યસ્તતા રહેશે. કામના ભારને કારણે થાક અનુભવાઈ શકે છે. નોકરીમાં ધીરજ રાખવાની જરૂર રહેશે. વેપારમાં ધીમે ધીમે લાભ મળશે. પરિવાર તરફથી સહયોગ મળશે.

**સિંહ રાશિ** **મ, ટ** સિંહ રાશિના લોકો માટે આ સપ્તાહ શુભ સંકેતો લાવનારું છે. કાર્યક્ષેત્રમાં નવી તકો મળી શકે છે. નોકરીમાં પ્રગતિ અથવા પ્રમોશન અંગે સારા સમાચાર મળી શકે છે. વેપારમાં લાભ થશે. સમાજમાં માન-સન્માન વધશે.

**કન્યા રાશિ** **પ, ઠ, ણ** કન્યા રાશિના જાતકો માટે આ સપ્તાહ મિશ્ર પરિણામ આપનારું રહેશે. કેટલીક બાબતોમાં સફળતા મળશે, પરંતુ કેટલીક જગ્યાએ અવરોધ આવી શકે છે. ખર્ચમાં વધારો થઈ શકે છે.

**તુલા રાશિ** **ર, ત** તુલા રાશિના લોકો માટે આ સપ્તાહ સંબંધોમાં સુધારો લાવનારું રહેશે. પરિવાર અને મિત્રો સાથે સારા સંબંધો રહેશે. નોકરીમાં નવા પ્રોજેક્ટ મળી શકે છે. વેપારમાં નવા ગ્રાહકો મળવાની શક્યતા છે.

**વૃશ્ચિક રાશિ** **ન, ય** વૃશ્ચિક રાશિના જાતકો માટે આ સપ્તાહ થોડું પડકારજનક બની શકે છે. કામમાં વિલંબ થઈ શકે છે. ધીરજ અને સમજદારીથી કામ લેવાથી સમસ્યાઓ દૂર થશે. ખર્ચ પર નિયંત્રણ રાખવું. સ્વાસ્થ્ય બાબતે સાવચેત રહેવું.

**ધન રાશિ** **ભ, ધ, ફ, ઢ** ધનુ રાશિના લોકો માટે આ સપ્તાહ સકારાત્મક પરિણામ આપનારું રહેશે. નોકરીમાં પ્રશંસા મળશે. વેપારમાં નવા લાભદાયક સોદા થઈ શકે છે. પરિવાર સાથે ખુશીના ક્ષણો મળશે. પ્રવાસના યોગ બની શકે છે.

**મકર રાશિ** **ખ, જ** મકર રાશિના જાતકો માટે આ સપ્તાહ જવાબદારીઓ વધારનારું રહેશે. મહેનતનું સકારાત્મક પરિણામ મળશે. નોકરીમાં પ્રગતિ થશે. આર્થિક સ્થિતિ સુધરશે. પરિવાર સાથે સંબંધ મજબૂત બનશે.

**કુંભ રાશિ** **ગ, સ, શ, ષ** કુંભ રાશિના લોકો માટે આ સપ્તાહ સર્જનાત્મક વિચારોથી ભરપૂર રહેશે. નવા પ્રોજેક્ટ શરૂ કરવાની તક મળશે. મિત્રો અને સહકર્મીઓનો સહકાર મળશે. વેપારમાં લાભ થશે. સ્વાસ્થ્ય સામાન્ય રહેશે.

**મીન રાશિ** **દ, ચ, ઝ, થ** મીન રાશિના જાતકો માટે આ સપ્તાહ શુભ સંકેતો લાવનારું રહેશે. નોકરીમાં પ્રગતિ થશે અને વેપારમાં નવા અવસર મળશે. આર્થિક રીતે લાભ થશે. પરિવાર સાથે આનંદદાયક સમય પસાર થશે. સ્વાસ્થ્ય સારું રહેશે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

**તંત્રી લેખ**

# ચૈત્ર નવરાત્રી: પવિત્ર ઉપાસના અને શ્રદ્ધાનું પર્વ




પ્રિય વાચક મિત્રો,

આગામી 19 માર્ચ ગુરુવારથી આપણે એક અતિ પવિત્ર તહેવાર ચૈત્ર નવરાત્રી નો આરંભ કરી રહ્યા છીએ. નવરાત્રી એટલે ન માત્ર નવ દિવસોની માતાજી આરાધના, પરંતુ આત્મા અને મનની શુદ્ધિ, શક્તિ અને શ્રદ્ધાનું પ્રતીક પણ છે.

ચૈત્ર નવરાત્રી દરમિયાન આપણે હૃદયપૂર્વક દુર્ગા માતાજીની નવ રૂપોની આરાધના કરીએ છીએ. દરેક દિવસનો એક વિશેષ મહિમા અને પાઠ છે, જે આપણાં જીવનમાં શાંતિ, સમૃદ્ધિ, અને સાહસ લાવે છે. આ અવધિ દરમિયાન ઉપવાસ, પાઠ, ભજન-કીર્તન અને સત્યસંવાદ નું વિશેષ મહત્વ છે.



**-: ચૈત્ર નવરાત્રીના લક્ષ્ય :-**

મનને શાંત અને સ્થિર બનાવવું. દૈનિક જીવનમાં નકારાત્મકતાનો પરાજય કરવો.

જીવનમાં નવી ઉર્જા, આત્મવિશ્વાસ અને હિંમત વધારવી. માતાજીના આશીર્વાદથી સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત કરવી.

પ્રત્યેક વાચક મિત્રો માટે આ નવરાત્રી હોય ધાર્મિક ઉજ્જવલતા, આત્મશક્તિ અને આનંદની પ્રેરણા આપનારી. માતાજીનો આશીર્વાદ આપના ઘર-આંગણમાં અને પરિવારમાં હંમેશા રહે, અને આપનું જીવન હર્ષ, શાંતિ અને સમૃદ્ધિથી ભરી રહે તેવી મારી હૃદયપૂર્વક શુભેચ્છા.

જય માં દુર્ગા,
જય મહાકાળી માતા

**સુજ્ઞેશ પટેલ**
(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**

**And when he is out of sight, quickly also he is out of mind.**
-Thomas A Kempis.
Sankalan by
Dr Prakashbhai Thakkar Kalol Gujrat

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY BROKERAGE


ABHAY JOSHI Mortgage
Abhay Joshi
(Mortgage Agent Level 2)
AFFINITY MORTGAGE SOLUTIONS INC
INDEPENDENTLY OWNED AND OPERATED
FSRA LIC # 13093
MORTAGE
EXPERT
CONTACT US
UNLOCK YOUR DREAM HOME WITH
EXPERT MORTGAGE GUIDANCE
Residential mortgage
Commercial mortgage
Refinancing, Home equity loans
Business Line of Credits
Business Loans (CSBFL)
And many more
Call today to schedule
a consultation
CELL : (647) 409-5848
Lic #M22003707

# PARIN SHAH

INSURANCE & INVESTMENT ADVISOR

647-673-3344 parinmshah@gmail.com




# EXPLORE PART-TIME OPPORTUNITIES

**Insurance and Investment**

## Benefits:

- We'll reimburse initial expenses and fees for serious candidates
- Part-time opportunity with flexible hours
- Coaching and Training throughout the journey
- A Comprehensive understanding of Investments and Insurance: The Mechanics of Money Management
- Effectively manage your personal finances
- Commission-based earning opportunity

*Call Me* | *Schedule an appointment* | *Mortgage Solution* | *Auto & Home Insurance*

For the past decade, we have provided a wide range of financial products to support clients' peace of mind and well-being. Our services include:

- **Life Insurance** for loved ones' security
- **Travel, Visitor, and Super Visa Insurance** for journey protection
- **Health, Dental, and Vision Insurance** for medical needs
- **Disability Insurance** for unforeseen circumstances
- **Financial Need Analysis** for effective planning
- **Debt Consolidation** to manage financial burdens
- **Investment** options like **RRSP, TFSA, FHSA, and RESP** for future savings



# સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રેરક ભાષણો અને વ્યાવસાયિક મહિલાઓના સન્માન સાથે યાદગાર ઉજવણી











પહેલા પાનનું અનુસંધાન

આ કાર્યક્રમ દરમિયાન સમાજ અને પડોશ વિસ્તારમાં વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રોમાં સિદ્ધિ મેળવનાર મહિલાઓને સન્માનિત કરવામાં આવી. જેમાં વકીલ, ડોક્ટર, ચાર્ટર્ડ પ્રોફેશનલ એકાઉન્ટન્ટ, ફિઝિયોથેરાપિસ્ટ, ઉદ્યોગસાહસિક, ગાયિકા, શિક્ષિકા અને પ્રોફેસર, બેંકિંગ ક્ષેત્રની મેનેજર, યોગા ઈન્સ્ટ્રક્ટર, હ્યુમન રિસોર્સિસ સ્પેશ્યાલિસ્ટ તેમજ અન્ય વ્યાવસાયિક મહિલાઓનો સમાવેશ થયો. આ સન્માનનો મુખ્ય હેતુ સમાજમાં મહિલાઓની સિદ્ધિઓને ઉજવવાનો અને ખાસ કરીને યુવા દીકરીઓને શિક્ષણ, નેતૃત્વ અને વ્યવસાયિક સફળતા તરફ પ્રેરિત કરવાનો હતો.

કાર્યક્રમના અંતે વડતાલધામ ટોરોન્ટોના પ્રમુખ ધવલ સોનીએ પ્રેરણાદાયી સમાપન ભાષણ આપ્યું અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજકો, મહેમાનો અને સ્વયંસેવકોનો દિલથી આભાર માન્યો. સમારોહના અંતિમ તબક્કામાં આરતી અને પૂજાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સૌએ ભક્તિભાવથી ભાગ લીધો. ત્યારબાદ ઉપસ્થિત તમામ માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમ સમાજમાં મહિલાઓના યોગદાનને સન્માન આપતો અને સમાજને પ્રેરણા આપતો એક યાદગાર પ્રસંગ બની રહ્યો.



# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



RAJENDRA PARMAR
FINANCIAL ASSOCIATE

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

FREE INSURANCE QUOTE

** અમે ગુજરાતી બોલીએ છીએ **

RAJENDRA PARMAR

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

# કેનેડાનો નવો TR થી PR માર્ગ શરૂ થઈ ગયો છે.



કેનેડાના ઈમિગ્રેશન વિભાગે 33,000 FOREIGN WORKER ને કાયમી રહેઠાણ આપવા માટે એક વખતનો માપદંડ પહેલેથી જ શરૂ કરી દીધો છે.

ઈમિગ્રેશન મંત્રી લેના મેટલેજ ડાયબે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમ શાંતિથી શરૂ કરવામાં આવ્યો છે, વધુ વિગતો એપ્રિલમાં આવશે, જેમ કે 6 માર્ચ, 2026 ના રોજ ટોરોન્ટો સ્ટાર દ્વારા અહેવાલ આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમની જાહેરાત સૌપ્રથમ ગયા નવેમ્બરમાં ફેડરલ બજેટમાં કરવામાં આવી હતી, પછી ફેડરલ સરકારના વાર્ષિક ઈમિગ્રેશન સ્તર યોજનામાં તેની પુષ્ટિ કરવામાં આવી હતી.

સરકારી વેબસાઈટ અનુસાર, એક વખતનો માપદંડ બે વર્ષ સુધી ચાલશે, અને તેનો હેતુ "ચોક્કસ ઈન-ડિમાન્ડ ક્ષેત્રોમાં કેનેડામાં કામ કરતા" કામચલાઉ FOREIGN WORKER માટે છે, જેનો હેતુ ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

સરકારે પાત્રતા માટે ચોક્કસ માપદંડો અથવા અરજી કેવી રીતે કરવી તે અંગે સૂચનાઓ જાહેર કરી નથી.

આ માર્ગ પર અરજી કરવાની યોજના બનાવી રહેલા વિદેશી નાગરિકો અગાઉથી દસ્તાવેજો તૈયાર કરવા માંગી શકે છે, જેમ કે ભાષા પરીક્ષણો અને શિક્ષણનો પુરાવો, જેમ કે આ માર્ગના લોન્ચ માટે તૈયારી કરવા માટેના દસ્તાવેજો પરના અમારા લેખમાં વર્ણવેલ છે.

નવો TR થી PR માર્ગ એ સમયે આવ્યો છે જ્યારે મોટી સંખ્યામાં કામચલાઉ રહેવાસીઓ તેમના સ્ટેટસની સમાપ્તિનો સામનો કરી રહ્યા છે.

કેનેડામાં મોટાભાગના કામચલાઉ રહેવાસીઓ પાસે વર્ક પરમિટ અને/અથવા સ્ટડી પરમિટ દ્વારા સ્ટેટસ હોય છે, જે હંમેશા એક નિશ્ચિત સમાપ્તિ તારીખ સાથે કામચલાઉ ધોરણે જારી કરવામાં આવે છે.


વિદેશી નાગરિકની પરિસ્થિતિના આધારે, તેઓ તેમના વર્ક પરમિટ અથવા સ્ટડી પરમિટના એક્સટેન્શન અથવા રિન્યુઅલ માટે અરજી કરી શકે છે. જો તેઓ એક્સટેન્શન માટે અરજી કરવા માટે લાયક ન હોય, અથવા એક્સટેન્શન માટેની તેમની અરજી નકારવામાં આવે, તો તેમને તેમના રોકાણના અધિકૃત સમયગાળાના અંતે કેનેડા છોડવાની જરૂર છે.



સંકલન
શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ
એ એન બી ઈમિગ્રેશન

**ANB Immigration Services,**
Toronto - Canada
905 230 4737
info@anbimmigration.com




HOMELIFE
HIGHER STANDARDS
TEAMKAPOOR
Own your Comfort Home
Himanshu Kakkad
himanshukakkad@gmail.com
+1(437)237-9999


THE CANADIAN
HOME
Residential ✓
Commercial ✓
Industrial ✓
Turning Realty
Dreams to Reality
Vatsal Makes it
Happen!
GTA, Hamilton & Beyond
VATSAL DESAI
REALTOR®
+1 (416) 456 4448
RealtorVatsalDesai@Gmail.com
www.vatsaldesairealtor.com
BUY | SELL | LEASE | INVEST

# સફળતાના સૂત્ર- સંઘર્ષ અને કોશિશ



લેખક
ઘનશ્યામ પટેલ (ખુશ)
કેલગરી, કેનેડા



જિંદગીમાં સફળતાના ઉચ્ચ શિખરો સર કરવા એ બહુ સહેલા નથી .ડગલેને પગલે મુશ્કેલીઓ આવે છે , તમારે કાંટાની સાથે ખીલેલા ગુલાબના ફૂલની માફક હસ્તે મુખે તેનો સામનો કરવો જોઈએ . સંઘર્ષ કર્યા વિના કશું મળતું નથી .સફળતા પ્રાપ્ત કરવા કોશિશ કરવી જ પડે છે. સોહનલાલ દ્વિવેદીએ સાચું જ કહ્યું છે કે , “ કોશિશ કરનેવાલો કી હાર નહીં હોતી “ સૌ ના લાડીલા મહાનાયક શ્રી અમિતાંભ બચ્ચને પણ આ સંવાદ ઘણીવાર રજૂ કર્યો છે. પ્રખ્યાત કવિ દલપતરાએ તેમના બાળગીતમાં જણાવ્યું છે કે . ‘ કરતા જાળ કરોળિયો ભોંય પડી પછડાય ,વણ તૂટેલા તાંતણે ઉપર ચડવા જાય .’ વારંવાર ભોય પડવા છતાં તેણે કોશિશ કરવાની બંધ કરી નથી. હિંમત રાખી સતત પ્રયાસ ચાલુ જ રાખી સફળતા મેળવે છે. નિષ્ફળતા મળતા મનુષ્યે પણ આળસ ખંખેરી નિરાઆશ થયા વિના સતત પ્રયત્નો ચાલુ રાખવા અને તો જ સફળતા મળશે. જીવનમાં સંઘર્ષ છે તો સફળતા છે. જિંદગીમાં જે વ્યક્તિ પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા સતત કોશિશ કરે છે તેને કોઈ રોકી શકતું નથી. ધારેલી સફળતા મેળવે જ છે .

અરુણિમા સિંહા નું નામ તમે સાંભળ્યું હશે .તે પ્રેરણાદાયક ભારતીય પર્વતારોહક છે. લૂંટારાઓએ તેણીને ચાલતી ટ્રેનમાં થી બહાર ફેંકી દીધી હતી, જેમાં તેણે એક પગ ગુમાવ્યો હતો. તેણે કૃત્રિમ પગ ના સહારે માઉન્ટ એવરેસ્ટ શિખર સર કર્યું હતું અને માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ દિવ્યાંગ મહિલા પર્વતારોહક બનીં . આત્મવિશ્વાસ, સતત સંઘર્ષ અને કોશિશથી આ સફળતા તેણે હાંસલ કરી હતી .ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મશ્રીથી તેમને સન્માનિત કરવામાં આવ્યા છે .

માનવીએ તેની જિંદગીમાં તેની કેરિયર બનાવવામાં ગમે તેટલી મુશ્કેલી આવે તો પણ હિંમત હાર્યા વિના સતત કોશિશ કરતા રહેવું અને સફળતા મેળવવી. યાદ રાખવું સંઘર્ષ અને સતત કોશિશ કરવાથી જ સફળતા મળે છે.

## હોળી ધુળેટી પર્વનું હાર્દ અને મહત્વ નિબંધ સ્પર્ધા યોજાઈ

અવર ઓન ગુજરાતી સિનિયર સિટીઝન ફ્રેન્ડ્સ સર્કલ કેનેડા દ્વારા હોળી ધુળેટી પર્વનું હાર્દ અને મહત્વ વિષે નિબંધ સ્પર્ધા યોજાઈ. જેમાં પ્રથમ નંબરે શ્રીમતી રીટાબેન એ પટેલ, દ્વિતીય નંબરે શ્રીમતી પારુલબેન ડી પટેલ અને તૃતીય નંબરે શ્રીમતી રેખાબેન આર સોની વિજેતા થયેલ છે .નિર્ણાયક તરીકેની સેવા ભવન્સ હાઈસ્કૂલ નરસંડાના શિક્ષિકા બેન હીનાબેન પટેલે આપી હતી. વિજેતા સ્પર્ધકોને ગ્રુપસ્થાપક ઘનશ્યામ પટેલે અભિનંદન પાઠવ્યા હતા . વયસ્ક નાગરિકોના આ ગ્રુપમાં પ્રવેશ નિ:શુલ્ક છે.




## વિશ્વ મહિલા દિવસે વુમન સ્પેશિયલ અને કવીઝ યોજાઈ

૮ મી માર્ચ, વિશ્વ મહિલા દિવસની ઉજવણી ના ભાગરૂપે અવર ઓન ગુજરાતી સિનિયર સિટીઝન ફ્રેન્ડ્સ સર્કલ, કેનેડા દ્વારા વુમન સ્પેશિયલ કાર્યક્રમ યોજાયો . આ કાર્યક્રમમાં મોટીવેશન સ્ટોરી ,નારી શક્તિ અંગે ગીત, વક્તવ્ય અને વિશ્વ મહિલા દિવસ અંગે વિસ્તૃત માહિતી ગ્રુપ ની મહિલા સભ્યો દ્વારા રજૂ કરવામાં આવી . તારીખ ૭ મી માર્ચે ઓનલાઈન ક્વિઝ યોજવામાં આવી .જેમાં ઉચ્ચ સ્થાન અને પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર વિશ્વની અને ભારતની મહિલાઓ વિષે 15 પ્રશ્નોના જવાબ 15 મિનિટમાં લખી મોકલવાના હતા .જેમાં પ્રથમ નંબરે રીટાબેન એ પટેલ અને પારુલ બેન ડી પટેલ ( ૧૫ /૧૫ ) તેમજ દ્વિતીય નંબરે રેખાબેન રમણભાઈ સોની વિજેતા થયેલ છે. જેઓને ગ્રુપ સ્થાપક ઘનશ્યામ પટેલે અભિનંદન પાઠવેલા છે . આ ગ્રુપમાં પ્રવેશ ફી નથી અને આ ગ્રુપ ઈન્ટરનેશનલ વોટ્સએપ ગ્રુપ છે.

DP
DHARMENDRA PATEL

# DHARMENDRA PATEL

**FINANCIAL ADVISOR**

## INSURANCE

- Life & Critical Illness Insurance
- Mortgage Protection Insurance
- Travel & Super Visa Insurance
- Disability Insurance
- Medical Insurance

## INVESTMENTS

- RRSP, RDSP, TFSA, RRIF & Annuities
- Children Education Plans
- Estate Planning





**Contact : (647) 834-8690**

**@ Dharmendrapatel@primerica.com**

# insureline PEARL

COMMERCIAL HOME AUTO TRAVEL

**Dharmendra Patel** RIBO

M : 647 834 8690

O : 647 507 9219 | F: 647 872 9219

dharma.patel@insureline.com | www.insurelinepearl.com

7900 Hurontario Street, Unit 302 Brampton, ON L6Y OP6

Independently Owned & Operated

# ખોટી દિશામાં વધી રહેલી ભીડનો હિસ્સો બનવા કરતાં એકલા ચાલવું બહેતર....



લેખક
પરેશભાઈ શાહ
વડોદરા




માનવ સ્વભાવની એક નબળાઈ છે ‘ટોળાશાહી’ અથવા ‘ઘેટાચાલ’. ઘણીવાર આપણે માત્ર એટલા માટે કોઈ રસ્તે ચાલી નીકળીએ છીએ કારણ કે ત્યાં વધુ લોકો દેખાય છે. આપણને લાગે છે કે જો આટલા બધા લોકો આ કરી રહ્યા છે, તો તે સાચું જ હશે. પરંતુ સત્ય એ છે કે, ગમે તેટલી મોટી ભીડ હોય, પણ જો તે ખોટી દિશામાં જઈ રહી હોય તો તેનો અંત વિનાશ જ હોય છે. ખોટી દિશામાં વધી રહેલી ભીડનો હિસ્સો બનવા કરતાં, સાચી દિશામાં એકલા ચાલવાની હિંમત કેળવવી એ જ સાચી સમજદારી અને વીરતા છે.

જ્યારે આપણે ભીડને અનુસરીએ છીએ, ત્યારે આપણે આપણો સ્વ-વિવેક અને મૌલિકતા ગુમાવી દઈએ છીએ. દાખલા તરીકે, વર્તમાન સમયમાં સોશિયલ મીડિયા પર કોઈ નકારાત્મક ટ્રેન્ડ (Trend) ચાલતો હોય, તો લાખો યુવાનો વિચાર્યા વગર તેમાં જોડાઈ જાય છે. કોઈ પાયાવિહોણી વાતને અફવા તરીકે ફેલાવવામાં ભીડ બહુ મોટો ભાગ ભજવે છે. જો તમે પણ તેમાં જોડાઈ જાઓ છો, તો ભલે તમે એકલા નથી, પણ તમે સત્યથી દૂર છો. એના કરતાં શ્રેષ્ઠ એ છે કે તમે તે ભીડથી અલગ પડો, સત્યને તપાસો અને ભલે એકલા હો, પણ નૈતિકતાનો સાથ આપો.

ઉદાહરણ દ્વારા સમજીએ:

ઘણીવાર વિદ્યાર્થીઓ માત્ર એટલા માટે કોઈ ચોક્કસ પ્રવાહ (Stream) પસંદ કરે છે કારણ કે તેમના બધા મિત્રો ત્યાં જઈ રહ્યા છે. જો કોઈને ચિત્રકલા કે સંગીતમાં રસ હોય, પણ ભીડના દબાણમાં આવીને તે મેડિકલ કે એન્જિનિયરિંગમાં જાય, તો તે ખોટી દિશામાં દોડતી ભીડનો હિસ્સો બની જાય છે. પરિણામે, તે સફળ તો કદાચ થઈ જાય, પણ તે ક્યારેય ‘શ્રેષ્ઠ’ કે ‘ખુશ’ રહી શકતો નથી. તેની સામે, જે વ્યક્તિ પોતાના હુનરને ઓળખીને અલગ કેડો કંડારે છે, તે શરૂઆતમાં એકલો હોવા છતાં ભવિષ્યમાં પોતાની સફળતાથી આખી દુનિયાનું ધ્યાન ખેંચે છે.

ઈતિહાસ સાક્ષી છે કે મહાત્મા ગાંધી કે માર્ટિન લ્યુથર કિંગ જેવી વ્યક્તિઓએ જ્યારે અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો, ત્યારે તેઓ શરૂઆતમાં એકલા હતા. આખું સમાજ કે તંત્ર કદાચ અલગ દિશામાં જતું હતું, પણ તેમણે ‘એકલા ચાલવાની’ હિંમત બતાવી. જો તેઓ એ સમયે ભીડનો હિસ્સો બની ગયા હોત, તો આજે આપણે આઝાદી કે સમાનતાના મૂલ્યો જાણી શક્યા ન હોત.

અંતે, જીવનમાં એ યાદ રાખવું જરૂરી છે કે સફળતા ભીડમાં નથી, પણ શ્રેષ્ઠતામાં છે. ભીડ તમને સાંત્વના આપી શકે છે, પણ તમારી ઓળખ છીનવી લે છે. તમારી પાસે તમારી પોતાની બુદ્ધિ, તર્ક અને સંસ્કાર છે. જ્યારે પણ કોઈ નિર્ણય લેવાનો હોય, ત્યારે ‘દુનિયા શું કરે છે’ એ જોવાને બદલે ‘શું કરવું યોગ્ય છે’ એ જોવું જોઈએ. ખોટા માર્ગ પર લાખો લોકોની સાથે ચાલવા કરતાં, સત્યના માર્ગ પર એકલા ચાલવું એ જ આત્મવિશ્વાસનું સર્વોચ્ચ શિખર છે.

EDM Elite Digital Marketing LETS BE POPULAR

ELITE
PRINT & DIGITAL MARKETING

Lowest Price

- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting

facebook Link
Chat
Let's Start!
Parth Patel
647 655 5029
Let's Be popular
Find on Google

# પાપમોચિની એકાદશી વ્રતની કથા





સંકલન
વૈષ્ણવ શ્રી કિરીટભાઈ પટેલ
તથા મોનાબેન પટેલ
કેનેડા

પાપમોચિનીની એકાદશીના વિષે ભવિષ્યોત્તર પુરાણમાં વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યુ છે. આ વ્રતમાં ભગવાન વિષ્ણુના ચતુર્ભુજ રૂપની પૂજા કરવામાં આવે છે. વ્રત રાખનારા દશમી તિથિના રોજ એક સમય સાત્વિક ભોજન કરે અને ભગવાનનું ધ્યાન કરો. એકાદશીની સવારે સ્નાન વગેરે કર્યા પછી વ્રતનો સંકલ્પ કરો. સંકલ્પ કરો. સંકલ્પ પછી ષોડષોપચાર (16 સામગ્રીઓથી) સહિત ભગવાન શ્રીવિષ્ણુની પૂજા કરો.

પૂજા પછી ભગવાનની સામે બેસીને ભગવદ કથાનો પાઠ કરો કે કોઈ યોગ્ય બ્રાહ્મણ પાસે કરાવો. પરિવાર સહિત બેસીને ભગવદ કથા સાંભળો. રાતભર જાગરણ કરો. તેથી રાત્રે પણ કશુ પણ ખાધા વગર ભજન કીર્તન કરીને જાગરણ કરો.

બારસના દિવસે સવારે સ્નાન કરીને વિષ્ણુ ભગવાનની પૂજા કરો પછી બ્રાહ્મણોને ભોજન કરાવીને દક્ષિણા આપીને વિદાય કરો. ત્યારપછી પોતે ભોજન કરો. આ રીતે પાપમોચની અગિયારસ કરવાથી ભગવાન વિષ્ણુ અતિ પ્રસન્ન થાય છે અને વ્રતીના બધા પાપોનો નાશ કરી દે છે.

પાપ મોચની એકાદશી વ્રત કથા

ખૂબ સમય પહેલા માંધાતા નામનો એક પરાક્રમી રાજા હતો. રાજા માંઘાતાએ એકવાર લોમશ ઋષિને પૂછ્યુ કે મનુષ્ય જે જાણા અજાણે પાપ કરે છે તેનાથી મુક્ત કેવી રીતે થઈ શકે છે ?

ત્યારે મહર્ષિ લોમશે કહ્યું હતું." "નરેશોમાં શ્રેષ્ઠ રાજન ! પૂર્વકાળની




વાત છે. અપ્સરાઓ દ્વારા સેવિત ચૈત્રરથ નામના વનમાં કે જયાં ગંધર્વોની કન્યાઓ પોતાના કિંકરો સાથે વાદ્યો વગાડીને વિહાર કરે છે, ત્યાં મંજુઘોષા નામની અપ્સરા મુનિવર મેઘાવીને મોહિત કરવા માટે ગઈ. મહર્ષિ ચૈત્રરથવનમાં રહીને બ્રહ્મચર્યનું પાલન કરતા હતા. મંજુઘોષા મુનિનાભયથી આશ્રમથી એક કોશ દૂર રોકાઈ ગઈ. અને સુંદર રીતે વીણા વગાડતી વગાડતી મુધર ગીતો ગાવા લાગી. મૂનિશ્રી મેઘાવી ફરતાં ફરતાં ત્યાં જઈ પહોચ્યા અને એ સુંદર અપ્સરાને આ રીતે ગાતી જોઈને અકારણ જ મોહને વશીભુત થઈ ગયા. મુનિની આવી રવસ્થા જોઈને મંજુઘોષા એમની પાસે આવી વીણા નીચે મુકીને એમને આલીંગન કરવા લાગી. મેઘાવી પણ એની સાથે રમણ કરવા લાગ્યા. દિવસ રાતનું પણ એમને ભાન ન રહ્યું આ રીતે ઘણા દિવસે પસાર થઈ ગયા સમય થતાં મંજુઘોષા દેવલોકમાં જવા લાગી. જતી વખતે એણે મુનિશ્રીને કહ્યું : બ્રાહ્મણ! મને હવે મારા લોકમાં જવાની રજા આપો."

મેઘાવી બોલ્યા: "દેવી ! જયાં સુધી સવારની સંધ્યા ન થાય તયાં સુધી મારી પાસે જ રહો." અપ્સરાએ કહ્યું : "વિપ્રવર ! અત્યાર સુધી કોણ જાણે કેટલીયે સંધ્યાઓ જતી રહી! મારા પર કૃપા કરીને વીતેલા સમયનો વિચાર કરો."

લોમશજી કહે છે: "રાજન ! અપ્સરાની વાત સાંભળીને મેઘાવી ચકિત થઈ ગયા ! એ સમયે એમણે વીતેલા સમયનો હિસાબ બતાવ્યો તો ખબર પડી કે મંજુઘોષા સાથે રહેતા અમને સત્તાવન વર્ષ થઈ ગયા અપ્સરાને પોતાની તપસ્યાનો વિનાશ કરનારી જાણીને મુનિને એના પર ઘણો ક્રોધ આવ્યો. એમણે શ્રાપ આપતા કહ્યું. "પાપિણી ! તું પિશાચીની બની જા." મુનિના શ્રાપથી વિચલીત થવા છતાં એ વિનયથી મસ્તક નમાવીને બોલી: "મુનિવર ! મારા શ્રાપનો ઉધ્ધાર કરો. સત્ય પુરુષો સાથે સાત વાકયો બોલવાથી અથવા સાત ડગલા ચાલવા માત્રથી જ એમની સાથે મિત્રતા થઈ જાય છે. બ્રહ્મણ ! હું અનેક વર્ષો સુધી આપની સાથે રહી છું, આથી સ્વામી ! મારા પર કૃપા કરો."

મુનિ બોલ્યા: "ભદ્રે ! શુ કરું ? તે મારી વર્ષોની તપસ્યાનો નાશ કરી દીધો છે, છતાં પણ સાંભળ ! ફાગણમાસમાં કૃષ્ણપક્ષમાં જે શુભ એકાદશી આવે છે એનું નામ છે "પાપમોચીની" એ શ્રાપથી મુકત કરનારી અને બધા પાપોનો ક્ષય કરનારી છે. સુંદરી ! એનું જ વ્રત કરવાથી તારું પિશાચપણું દૂર થશે."

આમ કહીને મુનિશ્રી મેઘાવી પોતાના પિતા મુનિવર ચ્યવનના આશ્રમ પર ગયા. એમને આવેલા જોઈને મુનિવર ચ્યવનજીએ પૂછયું. "પુત્ર ! આ શું કર્યુ ? તેં તો તરા પૂણ્યનો નાશ કરી દીધો !" મેઘાવી બોલ્યા: "પિતાશ્રી ! મે અપ્સરા સાથે વિહાર કરવાનું મહાપાપ કર્યુ છે, હવે આપ જ એનું પ્રાયશ્ચિત બતાવો કે જેથી મારા પાપનો નાશ થઈ જાય !" ચ્યવનજી બોલ્યા: "પુત્ર ! ફાગણ માસમાં કૃષ્ણપક્ષમાં જે પાપમોચિની એકાદશી આવે છે. એનું વ્રત કરવાથી તારા પાપોનો વિનાશ થઈ જશે."

પિતાનું આ કથન સાંભળીને મેઘાવીએ એનું વ્રત કર્યું. આથી એમના પાપો નષ્ટ થઈ ગયા. આજ પ્રમાણે મંજુઘોષાએ પણ વ્રતનું પાલન કર્યું. પાપમોચિનીનું વ્રત કરવાથી એ પિશાભયોજિમાંથી મુકત થઈ અને દિવ્ય રુપધારીણી શ્રેષ્ઠ અણ્સરા બનીને સ્વર્ગલોકમાં જતી રહી.

જે મનુષ્ય પાપમોચિની એકાદશીનું વ્રત કરે છે, એમના બધાજ પાપો આપોઆપ જ નષ્ટ થઈ જાય છે. આ મહાત્મ્યના પઢનથી અને સાંભળવાથી બહુ મોટું ફળ મળે છે. માટે હે રાજન ! પાપમોચિની એકાદશી કરવી ઘણીજ અગત્યની છે.

મેં કોમલને ગાર્ડનિંગ કરવા કહયું. છોડને જયારે નવી કુંપળ ફૂટે, કળી માંથી ફૂલ બને અને એ ફળ માં રૂપાંતર પામે એ જોવાનો રોમાંચ કંઈક ઓર જ હોય છે. કોમલ મચી પડી. જાત જાતના ફૂલ અને શાકભાજી સુદ્ધા એના ઘરના નાનકડા બગીચામાં ઉગાડવાનું શરુ કર્યું. ખુબ ઉત્સાહ થી એની વાતો કરતી અને ફોટોગ્રાફ બતાવતી.

કોમલે ઈનર વ્હીલ ક્લબ જોઈન કરી અને એની પ્રવૃતિઓ માં સક્રિય ભાગ લેતી.

આમ કોમલની પ્રતિભા નિખરી ઉઠી. અને એથી એ અને હું ખુબ જ ખુશ હતાં.

કોમલ કહેતી સર, તમે મને મોટીવેટ કરીને મારી જિંદગીને નવીન રૂપ આપ્યું. સર, વિચાર સુદ્ધા પણ ન હતો આવ્યો કે જિંદગી આ રીતે જીવી શકાય અને બીજા ને ઉપયોગી થઈને નિજાનંદ મેળવી શકાય.

કોમલ એક વાર મને કહે સર એક ગીત તૈયાર કર્યું છે, એન્યુઅલ ફંકશનમાં ગાવા માટે. સંભળાવું તમને? મેં કહયું ઓફકોર્સ.

એણે ગાયું.. એક તેરા સાથ હમ કો દો જહાં સે પ્યારા હૈ. તું હૈ તો હર સહારા હૈ. ના મિલે સંસાર તેરા પ્યાર તો હમારા હૈ..

અને આ ગાતી વખતે કોમલના ચહેરાના ભાવ જોઈ મને પહેલી વખત એવુ લાગ્યું કે એ મને અનહદ પ્રેમ કરવા માંડી છે અને ખુલ્લી રીતે વ્યક્ત કરવામાં એને સંકોચ અને માનસી જેને એ દીદી માને છે એની સાથે દગો કરી બેસીશ એવો વિચાર કારણભૂત હોય શકે છે.

મને આવું રિયલાઈઝ થવાથી ખરેખર તો મારે કોમલને મળવાનું ઓછું કરવું જોઈતું હતું કારણ કે હું જાણતો હતો કે માનસી મારો પ્રેમ કયારેય બીજી સ્ત્રી સાથે ન વહેંચે.

પણ.. પણ હું ખેંચાય રહ્યો હતો કોમલ તરફ.

એક વાર અમે જયારે મળ્યા ત્યારે કોમલ નિરાશ લાગી.

મૈને કહા ફૂલોં સે, હસો, તો વો ખીલખીલા કે હંસ દિયે. અને આજે આ ફૂલ કેમ મુરઝાયેલું લાગે છે?


કોમલ ની આંખમાં આસું આવી ગયા.

સર જવા દો. મારું નસીબ જ એવું છે તો કોને દોષ દેવો. ખુબ કોશિશ કરું છું ખુશ રહેવાની પણ હવે એનો પણ ભાર લાગે છે. કંઈક ખૂટતું હોય એવું સતત લાગ્યા કરે છે.

કોમલ, યાદ છે? મેં તને સ્કૂલના ટ્રસ્ટીની ઓફિસમાં કહેલું કે આ હોબી ડેવલપ કરો અને પેલી હોબી ડેવલપ કરો

# વ્યક્ત અવ્યક્ત

## અવ્યક્ત લાગણીઓ, વિશ્વાસ અને ત્યાગની અનોખી સફર





લેખકઃ જિતેન દેસાઈ
ભાયલી, વડોદરા
મો. નં. ૯૭૨૪૩૩૪૮૮૪
Email : jitdarsh@gmail.com

અને બીજું પણ કંઈક જે હું તમને આજે નહિ પછી ક્યારેક કહીશ?

હા સર શું હતું એ બીજું કંઈક?

કોમલ, હું કહેવાનો હતો કે કોઈ સારો સાથ મળે તો પ્રેમ કરો. એ જ તો ખૂટતી કડી છે કોમલ.

સર દીદી એ કહેલું કે તમે જેન્ડર ડિસક્રિમીનેશન ના સખ્ત વિરોધી છો. અને તમારા વિચારો જમાનાથી ઘણા આગળ છે. પણ આ સમાજમાં વાસ્તવિક રીતે શું શક્ય છે એ પણ તો એક પોઈન્ટ છે. અને મારી હાલતની મને જ દયા આવે છે. મારું નસીબ જ શું એવુ છે? તમે કહો પ્રેમ કરો પણ મારી પરિસ્થિતિ પ્રેમ કરી ને વ્યક્ત પણ ન કરી શકાય એવી છે.

મને કોમલ શું કહી રહી છે એનો ખ્યાલ આવ્યો, આવ્યો નહિ હતો જ. છતાં મે કહયું ઓહો કોમલ એમાં શું, બોલ મને કોની આગળ તારે પ્રેમ વ્યક્ત કરવો છે. યા તો હું તારા વતીથી એ કરું અથવા એને તારી પાસે ખેંચી લાવું. કોણ છે એ ખુશનસીબ?

સર, તમે જાણીને પણ અણજાણ બનો છો. શું જરૂર હતી મારી જિંદગીમાં આવવાની? મને ખુશ રહેવા માટે પ્રોમિસ માંગવાની? શું જરૂર હતી મને પ્રોત્સાહિત કરવાની? શું જરૂર હતી મને વારંવાર મળવાની? તમારે શું? મારી તો હાલત ખરાબ થઇ ગઈ ને?

મેં કોમલનો ચહેરો મારાં હાથમાં લીધો.

હવે મારી આંખમાં આંસુ હતા. કોમલ, મારી કોમલ. શું મળશે મને પ્રેમ કરવાથી? ફરી થી દુ:ખ, નિસહાયતા, અજંપો? ના હું મારી કોમલને હર હાલમાં દુ:ખી કે નિરાશ ન જોઈ શકું.

સર મેં તો આજે મારો પ્રેમ વ્યક્ત કરી દીધો હવે તમારે મને પ્રેમ કરવો હોય તો કરજો અને ન કરવો હોય તો ન કરતા હું તો તમને અનહદ પ્રેમ કરતી રહીશ, મીરાં ની જેમ.

કોમલ, હવે મારી હાલત નું શું? તને મળવા વગર તો રહેવાશે નહિ અને પ્રેમ તો કરી શકીશ નહિ. હવે હું પૂછું છું કોમલ, કેમ મને પ્રેમ કર્યો? જયારે ખબર જ હતી કે હું ના કરી શકીશ તને પ્રેમ? આ પ્રેમ ની કોઈ મંઝિલ નથી. આ પ્રેમ તને કે મને કોઈ સકુન ન આપી શકે.

સર આ પ્રેમ ની મંઝિલ. માટે, આપણા સકુન માટે મે કંઈક લખ્યું છે.

તમે મારી મંઝિલ ન સહી, મુકામ તો છો

સકુનથી ભરેલું ઘર નહીં. પળનો આરામ તો છો.

ગમથી મુક્તિ નહીં. ખુશી આપતું નામ તો છો.

ચહેકતું શહેર ન સહી. મહેકતું ગામ તો છો

સર મને લાગે છે કે આનાથી વધારે કહેવાની જરૂર નથી. સર હું તમારા પ્રેમનો એક નાનો સરખો હિસ્સો જ માંગુ છું અને એટલામાં જ ખુશ છું.

મારાં આંસુ હવે રોકાઈ નહોતા રહ્યા. કોમલ હવે વ્હાલથી મારાં ચહેરા પર હાથ ફેરવતી રહી.

કોમલ હું જાણતો હતો પણ એવું માનતો હતો કે આ પ્રેમ વ્યક્ત ન થાય અને અવ્યક્ત રહે તો જ સારુ. કોમલ થેંન્ક યુ યાર. તું કેટલી સમજુ છે. તું મને કેટલો પ્રેમ કરે છે એ હું સમજી શકું છું તો જ તું આવું વિચારી શકે.આવું લખી શકે. કોમલ મારે તને એક નાનકડા ટુકડા જેવા પ્રેમમાં નહોતી બાંધવી અને એટલે હું દુ:ખી થયો. કોમલ આપણે હમણાંની જેમ જ અવ્યક્ત પ્રેમ કરતા રહેશું.

ના સર, દીદી ને આપણે છેતરવા નથી. તમે વાત કરજો નહિ તો હું કરીશ. દીદી મારી લાગણી સમજશે એનો મને પૂરો વિશ્વાસ છે. મે કહયું હું જ વાત કરીશ.

ઘરે પહોંચ્યો ત્યારે હું થોડો ઉદાસ, થોડો અસંમજસમાં હતો.

માનસી જાણી ગઈ. કેમ બોસ નો મૂડ આજે સારો નથી?

મારી આંખમાં પાણી આવી ગયા.

જે પણ હોય તે કહી દે મિતેન. તને નિરાશ થતા જોયો છે, ટેન્શનમાં જોયો છે પણ આવી રીતે તો નથી જોયો. તારી આંખમાં મુવીના ઈમોશનલ સીન જોતા આવેલા આંસુ જોયા છે પણ આજે? શું થયું?

કોમલ સાથે થયેલી આજની મુલાકાતની મેં ડિટેઈલ્સમાં વાત કરી. કોમલે લખેલી નાની કવિતા અને મારી પણ એના તરફની લાગણી સહિત. માનસી બોલી મને હતું જ કે આવું કંઈક થશે. શું કહેવું કંઈ સમજ નથી પડતી.

માનુ તું જે કહેશે એ પ્રમાણે જ કરીશ. કોમલ ને આપણે બે મળી ને સમજાવીશું.

માનસી કશું ના બોલી કે ન મને કળાવા દીધું કે એના મનમાં શું છે?

બીજે દિવસે સ્કૂલમાં માનસી એ કોમલ તરફ ગુસ્સા ભરેલી નજર નાખી મોં ફેરવી લીધું. કોમલની આંખ ભરાઈ આવી જે માનસી એ તીરછી નજરે જોયું. કોમલ કંઈ સ્કૂલના કોર્સ નું પૂછવા ગઈ તો માનસી એ ટૂંકમાં જ જવાબ આપી પતાવ્યું. બીજા બધા ટીચર સાથે માનસી એ હસી મઝાક કરી.

સ્ટાફ રૂમમાં બંને એકલા પડ્યા ત્યારે કોમલે કહ્યં દીદી મારા પર ગુસ્સો કરો મને થપ્પડ મારો પણ મારી સાથે આવો વર્તાવ ન કરો. પ્લીઝ દીદી. અને એ રડી પડી.

દીદી, છોડી દઈશ આ સ્કૂલ, આ શહેર અને આ. કોમલ બોલતા અટકી ગઈ પણ રડતા ન અટકી.



માનસી એ ગુસ્સાથી કહયું કેમ બોલતા અટકી ગઈ? તું જે બોલવા જઈ રહી હતી એવું વિચાર્યું પણ છે ને તો જરૂર થપ્પડ મારીશ.

કોમલ દીદી, દીદી કરતા માનસી ને વળગી પડી. માનસી એના માથા પર હાથ ફેરવતી રહી અને કોમલ રડતી રહી.

બસ હવે કોમલ. તને મિતેને હસતા શીખવાડ્યું તે આ રડવા માટે? કોમલ રડતા રડતા દીદી દીદી કરતી હસી પડી.

દીદી સમજ નથી પડતી શું કરું?

માનસી બોલી કોઈ પણ સ્ત્રી પોતાના પતિનો પ્રેમ વહેંચવા તૈયાર ન જ થાય. હું પણ ન જ થાત જો મિતેન તને પ્રેમ ના કરતો હોત તો. કોમલ મેં ત્રણ પોઈન્ટ વિચાર્યા.

તું અને મિતેન બંને ઉમદા વ્યક્તિ છો સમજુ અને મારી સૌથી નજીક. તમને દુઃખી કરીને તો હું પણ દુઃખી જ થઈશ.

હું જરાક જેટલી પણ નારાજગી બતાવું તો તમે ન જ મળો પણ મને શું મળે?

મિતેનના વિચારો બહુ જ બેલેન્સ હોય છે. એ આપણને બંને ને દુઃખી ન જ થવા દે.

દીદી હમણાં સુધી હું મને કમનસીબ માનતી હતી પણ દુનિયામાં મારાં જેવું ખુશનસીબ કોઈ નથી.

કોમલ, તારી પેલી કવિતા તો સંભળાવ. એણે જ મને વિચારતી કરી દીધેલી. હજુ મિતેનને તો ખ્યાલ જ નથી કે મારું ફાઈનલ રીએક્સન કેવું છે.

બિચારા સર, દુઃખી થતા હશે. દીદી ફોન કરો ને એમને.

બહુ સર વાળી, દુઃખી થવા દે. અને બંને હસી પડ્યા. કોમલ, સાંજે ૭ વાગે ટી. પી.( ટર્નિંગ પોઈન્ટ અમારું ફેવરિટ રેસ્ટોરન્ટ ) માં પહોંચી જજે. તારા ને મિતેન માટે ટેબલ બુક છે.

ઓહ દીદી કઈ માટીના બનેલા છો તમે.

મિતેનને કંઈ ના કહીશ. હું મોકલીશ એને.

દીદી એક જ શરતે હું ટી. પી.માં આવીશ. તમારે પણ આવવું પડશે. પ્લીઝ પ્લીઝ દીદી ના ન પાડશો.

ઓકે ડાર્લિંગ.

સાંજે માનસી કહે તૈયાર થઈ જા મિતેન. મે કહયું ક્યાં? અરે તૈયાર તો થા. અમે કારમાં નીકળ્યા. અને માનસી ગાઈડ કરતી રહી કે લેફ્ટ લો, રાઈટ લો પણ કહયું નહિ કે ક્યાં જવાનુ છે. ટી. પી.જ્યાં આવેલી એ કોમ્લેક્સ મા એણે કાર લેવડાવી. અમારી વચ્ચે કંઈ વાત ન થઈ. ન મે કંઈ પૂછ્યું, ના એણે કંઈ કહયું. મને નવાઈ તો એ પણ હતી અને હું ઉચાટમાં પણ હતો કારણકે કોમલનો ફોન પણ ન આવ્યો એટલું જ નહિ મારો ફોન કોમલે બે વાર કાપ્યો. મને બહુ ઈચ્છા હતી કે માનસીને પૂછું કે સ્કૂલમાં કોમલ સાથે શું વાત થઈ. માનસી કહે કાર પાર્ક કરી ને ટી. પી.મા આવ.

માનસી અમારા હંમેશના કોર્નર ટેબલ પર બેસી ને મેનુ જોતી હતી. અને બાજુના ટેબલ પર એક લેડી મેનુ પાછળ મો રાખી ને મોબાઈલ મારી બાજુ રાખીને કંઈ કરતી હોય એવુ લાગ્યું. એટલામાં માનસીના મોબાઈલ પર મેસેજ આવ્યો જે જોઈ એ હસવા માંડી. મે કહયું શું છે બતાવ. મે રીતસર ફોન લઈ લીધો અને વોટ્સએપ પર આવેલો મારો ફોટો જોયો. સેન્ડર કોમલ. કોમલ હસતા હસતા બાજુના ટેબલ પર થી ઉઠી ને માનસીની બાજુમાં બેઠી. બંને જોરથી હસવા માંડ્યા. ત્યારે હું આભો બની ગયો. કોમલ થી તો હસવું રોકાતું ન હતું.

સર તમારું દિવેલ પીધેલા જેવું મોઢું.

તમે બે મળીને મને દિવેલ પીવડાવ્યું અને હસો છો?

અનુસંધાન આવતા અંકમાં






"Honest Deals. Real Results."

Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey

Jignesh Patel
REAL ESTATE BROKER



Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!

- Personalized Guidance for Buyer & Sellers
- More Than 5+ Years of Experience
- Transparent Service
- Check Reviews on Google & Instagram and Lets get Started!!

Let's Get Started
647-381-1492

realtor@jignesh.ca

5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca

HOMELIFE
HIGHER STANDARDS


HomeLife/Miracle
Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated


તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં
સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા....
ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.
IATA
Best Voyage Pvt. Ltd.
CELEBRATING 25th ANNIVERSARY
scan me
અમારા તમામ પેકેજો જાણવા માટે અહીંયા સ્કેન કરો
ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....
Winter 2025-26 PACKAGE
ઓસ્ટ્રેલિયા વિથ ન્યુઝીલેન્ડ 17 રાત્રિ - 18 દિવસ 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી, 11 માર્ચ
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 20 જાન્યુઆરી 6,16 ફેબ્રુઆરી, 17 માર્ચ
ન્યુઝીલેન્ડ 11 રાત્રિ - 12 દિવસ 19 જાન્યુઆરી 15 ફેબ્રુઆરી, 06 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 08 રાત્રિ - 09 દિવસ 29 જાન્યુઆરી, 03 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 09 રાત્રિ - 10 દિવસ 19 ફેબ્રુઆરી
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 18,જાન્યુઆરી 20 ફેબ્રુઆરી 22 માર્ચ
અઝરબૈજાન 06 રાત્રિ - 07 દિવસ 15 ડિસેમ્બર, 21 જાન્યુઆરી 10 ફેબ્રુઆરી, 05 માર્ચ
વિયેતનામ વિથ ફુકોક 09 રાત્રિ - 10 દિવસ 20 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 03 માર્ચ
વરસેટાઇલ વિયેતનામ 08 રાત્રિ - 09 દિવસ 20 ફેબ્રુઆરી 02 માર્ચ
શ્રીલંકા 07 રાત્રિ - 08 દિવસ 14 ડિસેમ્બર, 05 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 05 માર્ચ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 12 ડિસેમ્બર 04 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી 05 માર્ચ
આઈસલેન્ડ 09 રાત્રિ - 10 દિવસ 01 માર્ચ
Summer 2026 PACKAGE
ચેરી બ્લોસમ જાપાન 09 રાત્રિ - 10 દિવસ 22, 27, 30 માર્ચ
જાપાન વિથ અલ્પાઈન રુટ 10 રાત્રિ - 11 દિવસ 19,29 મે 10,22 જૂન
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 10 ,16 મે | 11 રાત્રિ - 12 દિવસ 26 એપ્રિલ 03, 07, 31 મે | 13 રાત્રિ - 14 દિવસ 14, 28 મે
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 04 એપ્રિલ 02 ,15,28 મે
ન્યુઝીલેન્ડ 12 રાત્રિ - 13 દિવસ 01 એપ્રિલ 03, 07, 22 મે
વેસ્ટ & ઈસ્ટ અમેરિકા 12 રાત્રિ 13 દિવસ 22 એપ્રિલ 06,20 મે 03,17 જૂન 01,22 જુલાઈ 19 ઓગસ્ટ 16 સપ્ટેમ્બર, 09 નવેમ્બર
અમેરિકન વંડર 19 રાત્રિ - 20 દિવસ 30 એપ્રિલ 21 મે 11 જૂન 02 જુલાઈ, 13 ઓગસ્ટ
અમેરિકન ડિસ્કવરી 23 રાત્રિ - 24 દિવસ 05,26 મે 16 જૂન 07 જુલાઈ, 04 ઓગસ્ટ
અમેઝિંગ અમેરિકા 15 રાત્રિ - 16 દિવસ 06, 27 મે 10 જૂન 01 જુલાઈ
કેનેડિયન રોકીસ 09 રાત્રિ - 10 દિવસ 14,21,28 મે 05,11,25 જૂન 09 જુલાઈ, 13 ઓગસ્ટ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 24, 30 એપ્રિલ 08, 14 મે 18 જૂન
યુરોપ યાત્રા 18 રાત્રિ - 19 દિવસ 09,28 મે 15 જૂન 13 ઓગસ્ટ
યુનિક યુરોપ 15 રાત્રિ - 16 દિવસ 26 મે 15 જૂન 13 જુલાઈ
યુરોપીઅન ડ્રીમ્સ 12 રાત્રિ - 13 દિવસ 03,08,17, 25 મે 06 જૂન 14 જુલાઈ, 11 ઓગસ્ટ
સિનિક સ્કેન્ડીનેવીયા 12 રાત્રિ - 13 દિવસ 28 મે 11 જૂન 26 સપ્ટેમ્બર
યુકે વિથ આયર્લેન્ડ 10 રાત્રિ - 11 દિવસ 14 મે 15 જુલાઈ
પેનોરમિક યુરોપ 09 રાત્રિ - 10 દિવસ 21 મે 21 જૂન
ડિસ્કવર ઓસ્ટ્રેલિયા 12 રાત્રિ - 13 દિવસ 30 એપ્રિલ
યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો +91 99989 77746 / +91 95864 11313
હેડ ઓફિસ એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત
બ્રાંચ ઓફિસ નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ

# જન્મકુંડળીમાં અષ્ટમ અને નવમ સ્થાને સૂર્યના ફળ

જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઈ ગાંધી- કેનેડા












આજે આપણે ફરીથી સૂર્ય મહારાજને ગતિમાન કરીશું તો સૂર્ય જન્મ કુંડળીના આઠમા ભાવમાં શું ફળ આપે છે તે જોઈશું. ફરી એકવાર કહી દઉં છું કે આપણે મેષ લગ્નમાં સૂર્ય મહારાજને આઠમા ભાવમાં શું ફળ આપે છે તે લખીશું. આમ તો આઠમો ભાવ આયુષ્યનું સ્થાન પણ કહે છે. જો સૂર્ય અન્ય પાપગ્રહ મંગળ સાથે હોય તો જાતકનું આકસ્મિક કે અકાળે મૃત્યુ થાય છે એવું શાસ્ત્રનું લખાણ છે. પરંતુ આ સમયે ગોચરના ગ્રહોનું ધ્યાન રાખવું જરૂરી છે. જો સૂર્ય આઠમા સ્થાને હોય તો શસ્ત્ર, અગ્નિથી પીડા થઈ શકે છે. એકલો સૂર્ય હોય તો પિત્તને લગતા પ્રશ્ન આપી શકે. સાથે સાથે જાતક પોતે પર સ્ત્રીમાં આસક્ત બની શકે. જાતક પોતાની માનસિક સંતુલન ગુમાવે છે. સૂર્ય અને શનિ યુતિ અહીં ઘણું અણિષ્ટ ફળ આપે છે.

અષ્ટમ સૂર્ય સ્ત્રીની કુંડળીમાં હોય તો વૈધવ્ય પણ કરે છે. સ્ત્રી પુરુષ બંનેની કુંડળીમાં તે વિદેશગમન યોગનું નિર્માણ કરે છે. આજના સમયમાં જેને સારા યોગની ગણતરીમાં લેવાય છે. ઉપરોક્ત લખ્યા પ્રમાણે સૂર્ય-શનિ પિતા-પુત્ર હોવા છતાં શત્રુ ગ્રહો હોવાથી તેમની યુતિ જે સ્થાને હોય તે સ્થાનના શુભ ફળને નષ્ટ કરે છે.

જો સૂર્ય મહારાજ નવમા સ્થાનમાં શું ફળ આપશે તે જોઈશું. પરંતુ નવું ભાગ્ય સ્થાન છે. અહીં નવમે




સૂર્ય "હર્ષિત" ગણાય છે. તે જાતકને સ્વપરાક્રમથી ધન કમાનાર અને સર્વ પ્રકારના સુખ મેળવનાર થાય છે. સત્યાચાર્ય પુસ્તકના મતે નવમો સૂર્ય ધરાવનાર જાતક સામાજિક અપયશનો ભોગ બને છે. નવમે સૂર્ય પિતૃદોષનો પણ યોગ બને છે. કારણ કે સૂર્ય પિતાનો કારક છે. સાથે હલકું ચારિત્ર્ય અને પરદેશ જવાનો યોગ બનાવે છે.

સ્વગૃહી (સિંહ રાશિ-૫) નો સૂર્ય નવમે હોય તો જાતકને ઘણા શુભ ફળો પ્રાપ્ત થાય છે. પરંતુ અન્ય જાતકોને પિતા સાથે અણબનાવ રહી શકે છે. પરંતુ જાતક શિવભક્ત બને છે. અહીં વિશેષ લખવું પડશે કે જ્યારે તમે આધ્યાત્મિક શક્તિ સાથે જોડાવ છો ત્યારે કુંડળી બનતા ઘણાખરા ખરાબ યોગનું આપોઆપ સમાધાન થઈ શકતું હોય છે. અહીં બની શકે તો સંતોનો સંગ બનાવી રાખો, ધાર્મિક કાર્યોમાં બની શકે તો થોડો ટાઈમ આપવો એવું મારું જ્યોતિષ તરીકે માનવું છે. બીજા ગ્રહ યુતિના ફળકથન વખતે રાશિબળ, ઉચ્ચ, નીચ, વગેરે જાણીને ફળકથન સમજવું જોઈએ. ગ્રહોની યુતિના ફળાદેશમાં રાહુ કે કેતુને સ્થાન આપ્યું નથી. આ બંને છાયા ગ્રહો છે. તે શુભ ગ્રહ સાથે તેની યુતિ શુભ અને અશુભ ગ્રહ સાથે બેસતા અશુભ ગ્રહના ફળમાં તે ઘટાડો કરે છે, એવું જ્યોતિષ ગ્રંથોમાં લખ્યું છે.






BILL C-4 PASSED!
Royal Assent on March 12th
$50,000 Federal Rebate
on Homes up to $1M!
+COMING SOON $80,000 Ontario PST Rebate!
Limited Inventory – Builders Aren't Keeping Up!
$Exclusive Access to Projects in$
GTA, Hamilton & KWC!
Call Now! +1-416-456-4448
THE CANADIAN HOME
Big Update for New Home Buyers in Canada
The Federal Government has officially passed Bill C-4 and it received Royal Assent on March 12.
up to $50,000 Federal GST Rebate on new homes up to $1M
Ontario is also expected to introduce an additional PST rebate up to $80,000 soon
With limited new construction and builders slowing down projects, this could be a great opportunity for buyers planning to purchase a new build home.
If you or someone you know is considering buying a new build in GTA, Hamilton, or KWC, feel free to reach out. I also have exclusive access to several builder projects in these regions.
Vatsal Desai
+1-416-456-4448
No pressure, just honest guidance to help you make the right decision.


YourMortgagePoint
Wide Range of Mortgage Options Available
• Residential • Commercial • Business Loan
Purchase
New To Canada
Self Employed
High Networth
Student Rental
Refinance
First Time Home Buyers
Business For Self
1st & 2nd Mortgage
Medical Professionals
Let's Talk! Your FREE consultation awaits
Dhavalkumar Patel
Mortgage Broker
Call Today - 647-893-1311
MORTGAGE ARCHITECTS
#12728
@yourmortgagepoint
dhavalkumar.patel@mtgarc.ca

# જળ થકી ફળ



સંકલન
હસમુખ બી. પટેલ
'હર્ષ'-'પરખ'
અમદાવાદ-નારદીપુર




વિશ્વ જળ દિવસ (World Water Day) ઈ.સ.1993 થી દરેક વર્ષે 22 માર્ચના રોજ ઉજવાય છે. વિશ્વ જળ દિવસ મીઠા અને તાજા પાણીના મહત્વ અને પર્યાપ્ત પુરવઠા પર આધારિત છે. આ દિવસે તાજા પાણીનું મહત્વ ઉજાગર થાય છે. પાણીની અછત તથા અશુદ્ધ કે અસુરક્ષિત પાણી સાથે મુશ્કેલીઓ વચ્ચે જીવન પસાર કરી રહેલા વિશ્વના લગભગ 2.2 અબજ લોકોના વિશે વૈશ્વિક સ્તરે જાગરૂકતા વધારવા માટે વિશ્વ જળ દિવસની ઊજવણી કરવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર ( યુએન )ની માર્ગદર્શિકા મુજબ વિશ્વ જળ દિવસ ( World Water Day ) દ્વારા ઈ.સ. 2030 સુધીમાં વિશ્વના તમામ લોકો સુધી સ્વચ્છ અને સુરક્ષિત પાણી પહોંચાડવા માટેનો મુખ્ય ઉદેશ ( સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ - SDG ) નિર્ધારીત કરેલ છે. ઈ.સ.1992માં રિયો ડી જાનેરોમાં પર્યાવરણ અને વિકાસ પર સંયુક્ત રાષ્ટ્ર પરિષદ યોજાઈ હતી ત્યારે સૌપ્રથમ વખત વિશ્વ જળ દિવસનો વિચાર ઉદભવેલ હતો. દર વર્ષે 22 માર્ચને વિશ્વ પાણી દિવસ તરીકે જાહેર કરતો ઠરાવ કરવામાં અને સ્વીકારવામાં આવ્યો જે ઈ.સ.1993 થી ઉજવવામાં આવે છે. જળ સંરક્ષણનું મહત્વ, સમજણ, પાણીનો બચાવ, સુરક્ષિત પાણીની ઉપલબ્ધતા વિગેરે અંગે સમાજની સાર્વત્રિક જાગૃતિ વધારવા માટે આ દિવસને વાર્ષિક ઈવેન્ટ તરીકે ચાલુ રાખવામાં આવ્યો છે.

ભૂજળ વગર જીવન શક્ય જ નથી. દુનિયાના સૂકા વિસ્તાર સંપૂર્ણપણે ભૂગર્ભજળ પર આધારિત છે. ભૂગર્ભજળ મુખ્યત્વે વરસાદ અને હિમવર્ષાથી જમીનમાં પ્રવેશીને રિચાર્જ થાય છે. ભૂજળને પંપ અને કુવાઓ દ્વારા સપાટી પર કાઢવામાં આવે છે. જમીનમાં રહેલું પાણી એ ભૂજળ. વિવિધ પ્રક્રિયાઓ પછી આ ભૂજળ આપણા પીવાના પાણી તરીકે ઉપયોગમાં લેવાય છે. વિધવિધ પ્રકારની સ્વચ્છતા, સંખ્યાબંધ ખાદ્ય ઉત્પાદનો તથા વિશાળ ઔદ્યોગિક પ્રક્રિયાઓ અને ઉત્પાદનો માટે સતત વપરાતા પાણીનો મોટા ભાગનો પુરવઠો ભૂગર્ભજળ પ્રક્રિયાઓ થકી પૂરો પાડે છે. વિશ્વ જળ દિવસની સાથે સંલગ્ન બાબતોને સતત ઉમેરવામાં આવી છે. જુદા જુદા પ્રકારના સમારંભો અને કાર્યક્રમોને આ ઊજવણીમાં ઉમેરવામાં આવ્યા. વર્ષ 2013ને જળક્ષેત્રમાં સહકારના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે સમગ્ર વિશ્વમાં ઊજવવામાં આવ્યું. ઈ.સ. 2018 થી 2028નો દશ વર્ષનો સમયગાળો ટકાઉ વિકાસ માટે પાણીની આવશ્યકતા ઉપર કેન્દ્રિત કરવામાં આવેલ છે. આ તમામ બાબતો પુષ્ટિ કરે છે કે પાણી અને સ્વચ્છતાના વિવિધ પગલાં ગરીબી ઘટાડવા માટે, આર્થિક વિકાસ માટે અને પર્યાવરણીય સંરક્ષણ માટે સિંહફાળો આપી શકે છે. દર વર્ષે વિશ્વ જળ દિવસની આસપાસ યુએન વર્લ્ડ વોટર ડેવલપમેન્ટ રિપોર્ટ ( WWDR ) બહાર પાડવામાં આવે છે. વિશ્વ જળ દિવસનું કન્વીનર યુએન વોટર છે અને તે સંલગ્ન સંસ્થાઓ તથા અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પરામર્શ કરીને પ્રત્યેક વર્ષે આ દિવસની ઊજવણી માટે ચોક્કસ થીમ ( વિષયવસ્તુ Theme ) નક્કી કરે છે.

છેલ્લા 25 વર્ષમાં આવી ગયેલી થીમ વિશ્વ જળ દિવસની ઊજવણી, આ દિવસનું મહત્વ તથા પાણીના બચાવ અંગેના તમામ સ્પષ્ટીકરણો બખૂબી સમજાવી જાય છે.

ઈ.સ. 2002 : 'વિકાસ માટે પાણી' : વિશ્વના ઘણા ભાગોમાં જળ સંસાધનોની નબળી, કથળતી અને પ્રતિકૂળ સ્થિતિને કારણે સંકલિત જળ સંસાધનોના સુવ્યવસ્થિત આયોજનની જરૂર છે.

ઈ.સ. 2003 : 'ભવિષ્ય માટે પાણી' : ભાવિ પેઢીઓ માટે જરૂરિયાતો મુજબ પાણીની ઉપલબ્ધતા તથા ગુણવત્તાયુક્ત તાજા પાણીની જાળવણી રાખવી તથા સતત સુધારો કરવો.

ઈ.સ. 2004 : 'પાણી અને આપત્તિઓ' : હવામાન, આબોહવા અને જળ સંસાધનોની નકારાત્મક બાબતો/ ઘટનાઓ સામાજિક તથા આર્થિક વિકાસ અને માનવજાતના સુખાકારી પર વિનાશક અસર કરી શકે છે.

ઈ.સ. 2005 : 'જીવન માટે પાણીનો દાયકો જીવન 2005-2015' : ડિસેમ્બર 2003 માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ તેના 58 મા સત્રમાં 2005 થી 2015 સુધીના વર્ષોને આંતરરાષ્ટ્રીય કાર્ય દાયકા તરીકે જાહેર કરવા સંમતિ આપી, જેની શરૂઆત 22 માર્ચ 2005 ના વિશ્વ જળ દિવસથી થઈ.

ઈ.સ. 2006 : 'પાણી અને સંસ્કૃતિ' : આ થીમ વિશ્વભરની સાંસ્કૃતિક પરંપરાઓમાં પાણીની ઉપયોગિતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. પાણી આપણી સંસ્કૃતિ સાથે કેટલું વણાઈ ગયું છે એ સમજવાની જરૂર છે.

ઈ.સ. 2007: 'પાણીની અછતનો સામનો કરવો' : વિશ્વભરમાં સતત વર્તાતી પાણીની અછત અંગે જાગૃતિ માટે આ વિષયવસ્તુ ( થીમ ) ખૂબ જ મહત્વપૂર્ણ હતી. રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક સ્તરે દુર્લભ જળ સંસાધનોના ટકાઉ, કાર્યક્ષમ અને ઉપયોગી સંચાલનને સુનિશ્ચિત કરવા માટે એકીકરણ અને સહયોગમાં વધારો કરવાની જરૂરિયાત પર જાગૃતિ લાવવામાં આવી.

ઈ.સ. 2008: 'સ્વચ્છતા' : ઈ.સ. 2008 એ આંતરરાષ્ટ્રીય સ્વચ્છતા વર્ષ હતું તેથી પાણી માટે આ થીમ લાગુ કરવામાં આવી હતી.

ઈ.સ. 2009 : 'ટ્રાન્સ વોટર્સ ' ( સરહદ પાર પાણી ) : ઐક્ય અને શાંતિ થકી પાણીનો સરહદ પાર સુનિયોજિત ઉપયોગ થઈ શકે એ માટે લોકોને શિક્ષિત કરવામાં આવ્યા.

ઈ.સ. 2010 : 'સ્વસ્થ વિશ્વ માટે સ્વચ્છ પાણી' : સ્વાસ્થ્ય માટે સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત પાણીની સમર્પિતતાને પ્રતિબિંબિત કરવામાં આવી.

ઈ.સ. 2011 : 'શહેરો માટે પાણી' : આ થીમ શહેરોમાં ઉપસ્થિત થઈ રહેલા પાણીના પડકારનો ચોક્કસ ઉપાય મેળવવા માટે સરકારો, સંગઠનો, સમુદાયો અને વ્યક્તિઓને સક્રિયપણે જોડાઈને પ્રોત્સાહિત કરવાના ધ્યેય સાથે અમલીકરણમાં આવી હતી.

ઈ.સ. 2012 : 'પાણી અને ખાદ્ય સુરક્ષા' : ભૂખ અને તરસ એક સિક્કાની બે બાજુ છે. પાણી થકી ખાદ્ય સુરક્ષાની આ થીમ દ્વારા ખોરાકને સુરક્ષિત રાખવા પાણીની ઉપયોગિતા ઉપર સૌથી મહત્વપૂર્ણ બાબતો પ્રસ્તુત કરવામાં આવી.


ઈ.સ. 2013 : 'આંતરરાષ્ટ્રીય જળ સહકાર વર્ષ' : ડિસેમ્બર 2010 માં, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 2013 ને સંયુક્ત રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય જળ સહકાર વર્ષ તરીકે જાહેર કર્યું. આ ઘોષણાના પ્રતિબિંબમાં, 2013 નો વિશ્વ જળ દિવસ જળ સહકારને સમર્પિત કરવામાં આવ્યો.

ઈ.સ. 2014 : 'પાણી અને ઉર્જા' : આ થીમમાં પાણી અને ઉર્જાના ગાઢ જોડાણો અને પરસ્પર નિર્ભરતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. વૈશ્વિક સ્તરે ઉત્પન્ન થતી લગભગ 8% ઉર્જાનો ઉપયોગ વિવિધ ગ્રાહકો સુધી પાણીના પમ્પિંગ, ટ્રીટમેન્ટ અને પરિવહન માટે થાય છે. ઉર્જા ઉત્પન્ન કરવા અને ટ્રાન્સમિટ કરવા માટે પાણીના સંસાધનોનો ઉપયોગ જરૂરી છે.

ઈ.સ. 2015 : 'પાણી અને ટકાઉ વિકાસ' : આ થીમ દ્વારા ટકાઉ અને લાંબાગાળાના વિકાસની કાર્યસૂચિમાં પાણીની ભૂમિકાને પ્રકાશિત કરવા માટે અગાઉના વિશ્વ જળ દિવસને એકીકૃત કરવા અને તેના પર નિર્માણ કરવાની એક મહત્વપૂર્ણ તક પૂરી પાડી.

ઈ.સ. 2016 : 'વધુ સારું પાણી, સારી નોકરીઓ' : વર્ષ 2016 ની થીમે વિશ્વભરના પાણીના સ્ત્રોતો દ્વારા પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પાણી અને રોજગાર સર્જન વચ્ચેના સંબંધને પ્રકાશિત કર્યો. આ થીમ એ પણ દર્શાવે છે કે ગુણવત્તાયુક્ત પાણીની વિપુલતા લોકોની નોકરીઓ અને જીવનને કેવી રીતે વધુ સારા બનાવે છે. વિશ્વભરમાં ચારમાંથી ત્રણ નોકરીઓ પાણી આધારિત છે.

ઈ.સ. 2017 : 'પાણીનો બગાડ કેમ?' : આ થીમ થકી પાણીનો બગાડ અટકાવવા સમગ્ર વિશ્વમાં ચળવળ જાગ્રત કરી. ગંદા પાણીને સુવ્યવસ્થિત ફિલ્ટર કરી ફરી ઉપયોગમાં લેવાના રસ્તાઓ સુનિશ્ચિત કરવામાં આવ્યા. વેડફાઈ જતા પાણીનો સંગ્રહ કરવાની વૈજ્ઞાનિક રીતો છેવાડા સુધી સમજાવવામાં આવી.




ઈ.સ. 2018 : 'પાણી માટે પ્રકૃતિ' : 21મી સદીના પાણીના પડકારોને દૂર કરવા માટે પ્રકૃતિ કેટલી બધી ઉપયોગી છે એ જાણકારી આપવામાં આવી. પૂર, દુષ્કાળ, જંગલો, વરસાદ, ભીની જમીન, લીલી છત, ટપક સિંચાઈ પદ્ધતિ, ચેકડેમ, નદીના પ્રવાહને મેદાનો સાથે જોડવો વિગેરે પ્રકૃતિના વિવિધ પરિબળોને પાણી સાચવવા માટે સમજાવામાં આવ્યા.

ઈ.સ. 2019 : 'કોઈને પાછળ ન છોડવું' : પાણીની કટોકટીના કારણે ઘણા લોકો પાછળ રહી જાય છે અને હાંસિયામાં ધકેલાઈ જાય છે એ બાબત ઉપરની આ થીમ વૈચારિક મજબૂતી આપી ગયેલી. હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો કે વ્યક્તિઓને ( બાળકો, પરદેશીઓ, શરણાર્થીઓ, મહિલાઓ, વિકલાંગ, શારીરિક રીતે નબળા લોકો ) ઘણીવાર અવગણવામાં આવે છે અને સલામત પાણી મેળવવાનો પ્રયાસ કરતી વખતે તેમને ભેદભાવનો સામનો કરવો પડી શકે છે. માટે નક્કી કરવામાં આવ્યું કે 'પાણી સેવાઓએ હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોની જરૂરિયાતો પૂરી કરવી જોઈએ અને નિર્ણય લેવાની પ્રક્રિયાઓમાં તેમનો અવાજ સાંભળવો જોઈએ'.

ઈ.સ. 2020 : 'પાણી અને આબોહવા પરિવર્તન' : વિશ્વ જળ દિવસ 2020 ની થીમ પાણી અને આબોહવા પરિવર્તન વિશે હતી. અને આ બંને અવિભાજ્ય રીતે એકબીજા સાથે જોડાયેલા છે એ જ્ઞાન હતું. આબોહવા પરિવર્તનની પાણીની અસરોને અનુકૂલન કરવાથી આરોગ્યનું રક્ષણ થાય અને જીવન સુરક્ષિત થઈ શકે. તદુપરાંત પાણીનો વધુ કાર્યક્ષમ ઉપયોગ ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડો કરશે .

ઈ.સ. 2021 : 'પાણીનું મૂલ્ય નક્કી કરવું' ( પાણીનું મૂલ્યાંકન ) : વિશ્વભરના લોકોને "#Water2me" હેશટેગનો ઉપયોગ કરીને સોશિયલ મીડિયા પર 'પાણી વિશે વાર્તાઓ, વિચારો અને લાગણીઓ જણાવવા' માટે વૈશ્વિક વાતચીતમાં જોડાવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ ઝુંબેશ કિંમતના મુદ્દાથી આગળ વધીને જનતાને પૂછતી હતીઃ 'તમારા ઘર અને કૌટુંબિક જીવન, તમારી આજીવિકા, તમારી સાંસ્કૃતિક પ્રથાઓ, તમારી સુખાકારી, તમારા સ્થાનિક પર્યાવરણ માટે પાણી કેટલું મહત્વપૂર્ણ છે?'.

ઈ.સ. 2022 : 'ભૂગર્ભજળ, અદ્રશ્યને દૃશ્યમાન બનાવવું' : ભૂગર્ભજળ પૃથ્વી પર મીઠા પાણીનો સૌથી વિશાળ સ્રોત છે. પૃથ્વીની સપાટીની નીચે આવેલો હોઈ આ ઉપયોગી જથ્થાની સતત અવગણના થાય છે. આ સ્રોતનો મહત્તમ ઉપયોગ થઈ શકે એ માટે વિવિધ પ્રકારના ઉપાયો સૂચવવામાં આવ્યા.

ઈ.સ. 2023 : 'પરિવર્તનને વેગ આપવો' : એકધારી વિચારસરણી ક્યારેક આખી ચળવળને મંદ પાડતી હોય છે. વરસોના અનુભવ પછી સમગ્ર જળચક્રને પરિવર્તનના માર્ગે આગળ લઈ જઈ વિશ્વભરમાં પાણીની સુરક્ષા તથા સદુપયોગને પ્રાધાન્ય આપવામાં આવ્યું. સમગ્ર જળ ચક્ર આરોગ્ય, રોજગાર, શિક્ષણ, ઉદ્યોગ અને વિશ્વશાંતિ માટેનું અત્યંત અગત્યનું પરિબળ છે. તેથી પરિવર્તન થકી પાણીના સદુપયોગને કુનેહપૂર્વક પ્રસ્થાપિત કરવામાં આવ્યો.

ઈ.સ. 2024 : 'સમૃદ્ધિ અને શાંતિ માટે પાણી' : પાણી શાંતિ બનાવી શકે છે અથવા સંઘર્ષ પણ લાવી શકે છે. પાણીની અછત હોય, પાણી પ્રદૂષિત હોય, લોકો પાસે પાણીની અસમાન વહેંચણી થયેલી હોય, પાણી સુધી પહોંચવાના કોઈ રસ્તો ના હોય પહોંચ ત્યારે વિવિધ સમુદાય/જૂથ/પ્રદેશ/દેશો વચ્ચે તણાવ વધી શકે છે. એટલે જ સમૃદ્ધિ અને શાંતિ પાણી પર આધાર રાખે છે એ નિર્વિવાદ સત્ય છે. આમ જુઓ તો પાણી માનવજાતને કટોકટીમાંથી બહાર કાઢી શકે છે. આપણે પણ પાણીના વાજબી અને ટકાઉ ઉપયોગના વર્તુળને આલેખી એક થઈને સર્વ સ્થળે બધા જ લોકો/જૂથ/સમુદાય/ પ્રદેશ અને દેશો વચ્ચેના સુમેળને પ્રોત્સાહન આપવું જોઈએ.

ઈ.સ. 2025 : 'હિમનદીઓનું સંરક્ષણ' : વર્ષ 2025ની થીમમાં હિમનદીઓની મહત્વપૂર્ણ ભૂમિકા અને તેમના ઝડપી પીગળવાથી થતી અસરો ઉપર પ્રકાશ પાડે છે. મીઠા પાણીનો અત્યંત મહત્વપૂર્ણ સ્ત્રોત હિમનદીઓ છે. અને આ હિમનદીઓના પીગળવાના કારણે પીવાના પાણી, કૃષિ, ઉદ્યોગ, ઉર્જા ઉત્પાદન, સ્વચ્છ પાણી અને ઈકોસિસ્ટમ પર પ્રતિકૂળ અસર પડે છે. ઝડપથી પીગળતી હિમનદીઓ પાણીના પ્રવાહમાં અનિશ્ચિતતાનું કારણ બને છે, જેના કારણે પૂર, દુષ્કાળ, ભૂસ્ખલન અને દરિયાની સપાટીમાં વધારો થવાની સંભાવના રહે છે. 2025 ની 22 માર્ચનો વિશ્વ જળ દિવસ, કાર્બન ઉત્સર્જનમાં વૈશ્વિક ઘટાડા અને સંભવિત પીગળવાની શક્યતા ધરાવતી હિમનદીઓને અનુકૂલન કરવા માટે સ્થાનિક વ્યૂહરચનાઓની જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે મનાવવામાં આવ્યો.





વર્તમાન વર્ષ ઈ.સ. 2026 માટે વિશ્વ જળ દિવસની થીમ "પાણી અને જાતિ" ( Water and Gender ) છે. આ વિષયવસ્તુ ( થીમ ) એક વિશિષ્ટ સૂત્ર ( slogan ) "જ્યાં પાણી વહે છે, ત્યાં સમાનતા વધે છે" ( Where Water Flows, Equality Grows ) અંતર્ગત ઊજવવામાં આવનાર છે. યુનિસેફ અને યુએન મહિલાઓ દ્વારા સંકલિત આ ઝુંબેશ પાણી, સ્વચ્છતા અને જાતિ સમાનતા વચ્ચેના મહત્વપૂર્ણ જોડાણને પ્રકાશિત કરે છે, જેનો હેતુ પાણી વ્યવસ્થાપન અને નિર્ણય લેવામાં મહિલાઓ અને છોકરીઓને સશક્ત બનાવવાનો છે. આ વિષયવસ્તુ હેઠળનું ધ્યેય સમગ્ર વિશ્વમાં મહિલાઓ અને છોકરીઓ પર પાણી, સ્વચ્છતા અને સ્વચ્છતા કટોકટીના અપ્રમાણસર બોજને સુનિયંત્રિત કરવાનો છે. વર્તમાન વર્ષમાં વિશ્વ જળ દિવસની ઉજવણીમાં પાણીની સમસ્યાના તમામ સંભવિત ઉકેલ, જળ સંરક્ષણ અંગેનું નેતૃત્વ અને જળ સંસાધન શાસનમાં મહિલાઓને વિશેષ મહત્વ આપવામાં આવશે.

આવો, સૌ જળનું મહત્વ સમજીએ અને જળ બચાવીએ. જળનો વિવેકસભર ઉપયોગ કરીએ, જળને ના વેડફીએ. જળ એ તમામ સજીવ માટે અત્યાધિક જરૂરિયાત ધરાવે છે. વર્ષોથી જે પ્રખ્યાત સૂત્ર છે, 'જળ છે તો જીવન છે' એને સાચા અર્થમાં સાર્થક કરીએ. જળ બચાવ અભિયાનમાં આપણું શક્ય તે યોગદાન જરૂરથી આપીએ.જળ એ જ માનવજાત માટેનું મોટામાં મોટું ફળ છે.

આવો, આપણે સૌ તા.22 માર્ચ, 2026 ના રોજ 'વિશ્વ જળ દિવસ ( World Water Day )' ની ઊજવણી જળ સુરક્ષા માટે આપણું પ્રદાન આપીને કરીએ. કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે આપણે એક જાગૃત નાગરિક / સાહિત્યકાર / વાચક તરીકે છેલ્લા 25 વર્ષ પૈકીની કોઈ પણ એક થીમ ઉપર નિર્ણાયક કાર્ય કરીએ અને અન્ય સૌને આ કાર્ય માટે પ્રેરણા આપીએ. લાગતાવળગતા સૌને અનુરોધ કરીએ કે જ્યારે અને જ્યાં તક મળે ત્યાં અને ત્યારે પાણી બચાવીએ.

## જિંદગી તને થેંક યુ

ધાર્યા કરતાં વધુ મળ્યું,
જિંદગી તને "Thank You".
સૂકું ખર્યું ને લીલું ઊગ્યું,
જિંદગી તને "Thank You".
ક્યારેક સંશય, ચિંતા
ને ક્યારેક આનંદ, ઉત્સાહ;
ક્યારેક કડવું ને ક્યારેક ગળ્યું,
જિંદગી તને "Thank You".
ને દયા ઈશ્વરની કે
હાથ લાંબો કરવો પડ્યો નથી,
વાવ્યું તેવું લણ્યું –
જિંદગી તને "Thank You".
હા, કર્યા રાતોના રાત
ઉજાગરા અનેક,
ને અંતે આંખે જોયેલું
દરેક સ્વપ્ન ફળ્યું.
જિંદગી તને "Thank You".
જિંદગીના સરવાળા, બાદબાકી,
ગુણાકાર અને ભાગાકાર કર્યા પછી
જિંદગીએ કહ્યું –
"કંઈક તો લખ!"
ને લખ્યું –
જિંદગી તને
"Thank You".



કવિઃ જયેન્દ્રભાઈ નાયક
સંગીત અને ભક્તિના સેતુકાર

# જીવનના ઉતાર-ચઢાવ વચ્ચે જન્મતો કૃતજ્ઞતાનો ભાવઃ અનુભવો પછીનો આભાર

કવિ શ્રી જયેન્દ્રભાઈ નાયક ની કવિતા ની સમજણ તંત્રી શ્રી સુજ્ઞેશ પટેલની કલમે.....

આ કાવ્ય માં કવિ શ્રી જયેન્દ્રભાઈ નાયક જીવન પ્રત્યેની કૃતજ્ઞતા, સ્વીકાર અને અનુભવોની પરિપક્વતા વ્યક્ત કરે છે. માનવીની જિંદગીમાં અનેક ઉતાર-ચઢાવ આવે છે—ક્યારેક આનંદ, ક્યારેક દુઃખ, ક્યારેક સંશય અને ક્યારેક આશા. છતાં અંતે જ્યારે પાછળ વળીને જીવનને જોવામાં આવે છે, ત્યારે સમજાય છે કે દરેક અનુભવ કંઈક શીખવી ગયો છે, દરેક મુશ્કેલી આપણને વધુ મજબૂત બનાવી ગઈ છે.

**દુઃખ-સુખના અનુભવોથી બનેલી જીવનદૃષ્ટિનો સંદેશ**

"ધાર્યા કરતાં વધુ મળ્યું" એ વાક્ય દર્શાવે છે કે જીવન ઘણી વાર આપણા કલ્પના કરતાં પણ વધારે આપે છે. જે ખોવાઈ ગયું લાગે છે, ત્યાંથી જ કોઈ નવી શરૂઆત ઉગે છે—"સૂકું ખર્યું ને લીલું ઊગ્યું" એ જ જીવનનો શાશ્વત નિયમ છે.

કવિ કહે છે કે ક્યારેક જીવનમાં ચિંતા અને સંશય આવે છે, તો ક્યારેક આનંદ અને ઉત્સાહ પણ મળે છે. ક્યારેક અનુભવો કડવા લાગે છે, તો ક્યારેક મીઠા બને છે. આ બધું મળીને જ જીવનનું સંપૂર્ણ ચિત્ર બને છે.



એક મહત્વનો ભાવ એ પણ છે કે ઈશ્વરની કૃપા એવી રહી કે હાથ ફેલાવીને માગવું પડ્યું નથી, એટલે જીવનમાં પરિશ્રમ અને વિશ્વાસથી જે વાવ્યું હતું તે જ લણવાનું મળ્યું.

રાતોના ઉજાગરા, સંઘર્ષ અને મહેનત પછી જ્યારે સ્વપ્નો સાકાર થાય છે, ત્યારે સમજાય છે કે દરેક તકલીફનો કોઈ અર્થ હતો. અંતે જીવનના સરવાળા-બાદબાકી, ગુણાકાર-ભાગાકાર કર્યા પછી પણ મનમાં એક જ ભાવ ઉદ્ભવે છે—કૃતજ્ઞતા.

અંતિમ પંક્તિમાં કવિ કહે છે કે જીવનના તમામ અનુભવનો હિસાબ કર્યા પછી મનમાં માત્ર એક જ શબ્દ જન્મે છે—

"જિંદગી, તને દિલથી Thank You."

આ સંદેશ એ છે કે જીવનમાં જે મળે તેને સ્વીકારીને, દરેક અનુભવમાંથી શીખીને અને ઈશ્વરની કૃપા માટે આભાર માનવું જ સાચી જીવનદૃષ્ટિ છે.


# MURTI'S KITCHEN

| Sweets | Farsan | Snacks |
|---|---|---|
| Dal-Bati | Ladu(Gud/Sugar) | Fulwadi |
| Dakor na Gota | Mohanthhal | Khaman(Vatidal ) |
| Pavbhaji | Magas | Khaman(Nylon ) |
| Vadapav | Mysore Pak | Sev Khamani |
| Dabeli | Penda | Fafda |
| Papdi no lot | Kopra pak | Chole Bhature |
| Lilva Kachori | | Patties |

**Winter Special**

***METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)***

And Many more.

Swaminarayan & Farar food Available


We do Catering

ફ્રેશ એન્ડ ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Birthday Event
Office Event
Wedding

# શ્રી તાત્યા કોતે પાટીલ








લેખક
શ્રીમતી મિનાક્ષી અ. કરમરકર

બાબા જ્યારે શિરડી આવ્યા ત્યારે તાત્યા કોટે પાટીલ ૭ થી ૮ વર્ષના હતા. એમના ઘનિષ્ઠ સંબંધોને લઈને તાત્યા બાબાને 'મામા' કહીને બોલાવતા અને બાબા પણ એને પોતાના ભાણેજની જેમ જ સાચવતા. ઘણીવાર બાયજાબાઈ તાત્યાને એના વર્તન માટે ખુબ ખીજવાતા પણ બાબા એને છાવરતા, સહકાર આપતા. તાત્યા પૂર્ણપણે બાબાને સમર્પિત હતા. બાબા ઘણીવાર તાત્યાને કહેતા કે "તાત્યા યા કોટયા યા કોટે ચા ઘોડ મુખ્યા".

તાત્યા દરરોજ બાબા પાસે રૂ.૩૫ ની બક્ષિસ મેળવતા. બાબા પાસે જે પણ દાન-દક્ષિણા આવતા તે તેઓ રોજેરોજ બાયજાબાઈ, તાત્યા, બડે બાબા, અમાની, ઝીપ્રી વગેરેને આપી દેતા. એમના દેવત્વને લઈને કોઈપણ જાતની અપેક્ષા વગર, નિઃસ્વાર્થભાવે એમનો પરિવાર બાબાનો અનુયાયી હતો. તાત્યા શિર્ડી ગામમાં નામદાર ખેડૂત હતા. એમની પાસે ૬ બળદની જોડ હતી. આમ, તેઓ ગામમાં પૈસાદાર ખેડૂત ગણાતા. ગામના દરેક વ્યક્તિને અગ્રેસર રહી મદદ કરવી એવો એમનો સેવાભાવી સ્વભાવ હતો અને શિર્ડીના હિતમાં ગામલોકોને દરેક કાર્યમાં સહકાર આપવા સદાય તત્પર રહેતા.

બાબા દરરોજ પાંચ ઘરે ભિક્ષા માંગતા જેમાનું એક ઘર તાત્યાનું છે. તાત્યાના મા બાયજાબાઈ કોઈપણ દિવસ બાબાને ખાલી હાથે જવા દેતા નહીં અને હંમેશા હસતા મુખે પ્રેમથી બાબાને ભિક્ષા આપતા. બાબા દિવસમાં આઠ વાર ભિક્ષા પ્રેમથી લેતા. ૧૮૭૬ માં મહારાષ્ટ્ર રાજયમાં દુકાળ આવ્યો ત્યારે બાબા ફક્ત બાયજાબાઈ અને નંદુરામ મારવાડીના ઘરે જ ભિક્ષા માંગતા.

ગંગાગીર મહારાજ જ્યારે પહેલી વખત શિરડીની મુલાકાતે આવ્યા ત્યારે તેમણે બાબાને જોઈને કહ્યું હતું કે "શિર્ડી ભાગ્યવાન છે કે એમને બાબારૂપે કિંમતી રત્ન મળ્યું છે." ૧૭-૧૮ વર્ષની ઉંમરે તાત્યા આ ગંગાગીર મહારાજ સાથે નામસપ્તાહ કરવા અનેક સ્થળોએ જતા. નામસપ્તાહની વાતો સાંભળીને બાબા ખુબ ખુશ થતા. ૧૯૦૯ થી શિર્ડીમાં ચાવડી શોભાયાત્રા મુખ્ય તહેવારે તથા દર ગુરૂવારે શરૂ કરવામાં આવી. જેમાં દ્વારકામાઈથી બાબાની સાથે ભાવિક ભકતો નાચ-ગાન, અનેકવિધ વાજીંત્રો સાથે ભજન કરતા જોડાતા. બાબાને પ્રિય એવા શ્યામકર્ણ ઘોડાને પણ સુંદર રીતે સજાવવામાં આવતો. બાબા શાંતિથી મસીદમાં બેસતા.

તાત્યા ભજનમંડળી લઈ બાબા પાસે તૈયાર થવા સારૂં અરજ કરતા. પછી બગલમાં હાથ રાખી તાત્યા સાચવીને બાબાને ઊભા કરતા. તાત્યા બાબાના દેહ પર સોનેરી ભરતવાળું સુંદર શેલુ નાંખતો. બાબા દ્વારકામાઈથી ચાવડી જતા ત્યારે એ શોભાયાત્રાનું વર્ણન અવર્ણનીય છે. તાત્યા બાબાની ડાબી બાજુ રહેતા અને મહાલસાપતિ બાબાની જમણી બાજુ રહેતા અને બાપુસાહેબ જોગ બાબાના માથા ઉપર સજાવેલું છત્ર ધરતા. તાત્યા પાટીલ હાથમાં ફાનસ લઈ બાબાની ડાબી બાજુ ચાલતા અને ભકત મહાળસાપતિ બાબાનો કપડાનો છેડો પકડી જમણી બાજુ ચાલતા હતા. શોભાયાત્રાની આગળ શ્યામકર્ણ ઘોડો રહેતો. દ્વારકામાઈથી શિર્ડી સુધીનું અંતર પાર કરતા શોભાયાત્રાને બે થી ત્રણ કલાક લાગતા.

ચાવડીમાં શોભાયાત્રા પહોંચે એટલે તાત્યા બાબાનું બેસવાનું આસન પાથરી દેતો અને પાછળ તકિયો મૂકતો. પછી બાબાને સફેદ અંગરખું પહેરાવતા. ત્યારબાદ બાબા આસન ગ્રહણ કરતા અને તાત્યા, મહાલસાપતિ, બાપુસાહેબ જોગ, વગેરે બાબાની પૂજા-અર્ચના કરતા. પૂજા-અર્ચન થયા બાદ શામા ચલમ તૈયાર કરી તાત્યાના હાથમાં આપતા અને તાત્યા ચલમને ફૂંકીને ભડકો કરી બાબાને આપતા. ત્યારબાદ મહાળસાપતિ અને અન્ય ભકતોના હાથમાં ચલમ ફરતી. ત્યારબાદ ભકતોનું વિસર્જન થતું. તાત્યા પણ જવા ઉઠતા એટલે બાબા કહેતા 'મારી ચોકી કરજે, તારે જવું હોય તો જા પણ રાતમાં પાછો આવજે અને ખબર રાખજે.' તાત્યા ઘરે જઈ પાછા આવતા.

આ બાબા અને તાત્યા વચ્ચેના સંબંધો હતા. બાબા સાથે ૧૪ વર્ષ સુધી તાત્યા રોજ મસ્જીદમાં સૂતા. શ્રી સાંઈ સચ્ચરિત્રના અધ્યાય ૯ માં જણાવ્યા મુજબ "એકવાર તાત્યા કોટે હટાણું કરવા ટાંગામાં કોપરગાંવ જતો હતો. તેણે મસીદમાં એકદમ આવી બાબાને નમન કરીને કહ્યું કે "હું હટાણું કરવા કોપરગાંવ જાઉં છું." બાબા બોલ્યા, "ઉતાવળો થા મા. થોડીવાર થોભી જા. ભલે બજાર ઉઠી જતી. શિરડીમાંથી બહાર નીકળીશ નહીં." એ છતાં જવા માટેની તેની આતુરતા જોઈ બાબાએ કહ્યું, 'તો છેવટે શામાને સાથે તેડતો જજે." પણ તાત્યા તો આ સૂચના પણ અવગણીને એકદમ ટાંગો હંકારી ગયો. તાજો જ ત્રણસો રૂપિયાનો એક ઘોડો તેણે ખરીદેલો. તે ભારે તોફાની હતો. માર્ગમાં સાઈલના પછી ભયંકર ઝડપથી તે દોડવા લાગ્યો. તેથી કેડે આંચકો લાગવાથી તે નીચે પડયો. તાત્યાને બહુ વાગ્યું તો નહિ પણ તે દિવસથી શ્રી સાઈબાબાની આજ્ઞા માથે ચડાવવાનું કદી ભૂલ્યા નથી. બીજુ એક વાર કોલ્હાપુર ગામ જતાં જ્યારે બાબાની આજ્ઞા અવગણી હતી ત્યારે પણ તેમને આવો જ અકસ્માત નડયો હતો.

તાત્યા પાટીલને ત્રણ પત્નીઓ હતી. જેમાંથી પહેલી બે પત્નીઓને કોઈ સંતાન નહોતું અને એમની ત્રીજી પત્ની પણ બાળક આપી શકે તેમ નહોતી. તેઓ ખુબ જ ચિંતાતુર રહેતા અને એમણે નક્કી કર્યું કે એમના મિત્ર રામચંદ્ર પાટીલના બાળકને દત્તક લેવું. એમણે દત્તક સમારંભનું આયોજન કર્યું અને દત્તકપત્ર પર બાબાના આશીર્વાદ લેવા દ્વારકામાઈમાં બાબા પાસે ગયા. બાબાએ જ્યારે દત્તકપત્ર જોયું ત્યારે તરત જ તાત્યાને કહ્યું, "શા માટે બીજાનું બાળક તું દત્તક લે છે? તારે ત્યાં તારૂં પોતાનું બાળક થશે." તાત્યાને બાબાના દરેક શબ્દ ઉપર અપાર વિશ્વાસ હતો એટલે એમણે તરત જ દત્તક સમારંભ અટકાવી દીધો. ત્યારબાદ ઘણા લાંબા સમય સુધી એમણે કોઈપણ બાળકને દત્તક લીધો નહીં. ફરી એકવાર બાબા પાસે ગયા અને બાબાને બાળક માટેની પોતાની તીવ્ર ઈચ્છા જણાવી. બાબાએ કહ્યું, "તાત્યા, તને બાળક જોઈએ છે પણ એમ કરવાથી તારૂં શરીર નબળું પડશે. તું જ નક્કી કર કે તારે તંદુરસ્તી સાચવી શ્રીમંત બનવું છે કે બાળક જોઈએ છે?" તાત્યા, ઘણા વર્ષોથી બાળક ઝંખી રહયા હતા તેથી તેમણે કહ્યું કે, "મારે બાળક જોઈએ છે." બાબાએ તૃપ્તતાભરી હાસ્ય કરી આશીર્વાદ આપ્યા. જ્યારે તાત્યા ૫૫ વર્ષના થયા ત્યારે એમના ઘરે બાળકો થયા અને ઘણો મોટો પરિવાર બન્યો.

એક દિવસ રાધાકૃષ્ણામાઈના ઘરે જમવા માટે બાપુસાહેબ બુટ્ટી, કાકાસાહેબ દિક્ષિત, ડૉ. પિલ્લાઈ અની તાત્યા ગયા. તે વખતે તાત્યાએ રાધાકૃષ્ણમાઈ માટેનો પોતાનો અનુભવ વર્ણવ્યો. એકવાર એ ઘણો સંઘર્ષમાં હતો ત્યારે રાધાકૃષ્ણામાઈને બહુ ગુસ્સામાં જોયા.











ત્યારબાદ એ પોતાના ખેતરમા ગયો અને ખેતીકામ કરવા લાગ્યો. એણે જોયું કે કશેકથી પથ્થર આવતા હતા અને એના પગ ઉપર લાગતા હતા. એ ઘણો જ દુઃખી થયો પણે શોધી શકયો નહીં કે એ પથ્થર કોણ એના તરફ ફેંકતુ હતુ. પછી એમણે એવું અનુભવ્યું કે આ કામ રાધાકૃષ્ણમાઈનું જ છે. એ બાબાને જમાડતા હતા અને ભાવિક ભકતો દ્વારા લાવવામાં આવતી અનેક ભેટસોગાદોની વ્યવસ્થા કરી શિર્ડી સંસ્થાન માટે ઘણા નિયમો બનાવ્યા હતા જે આજે પણ એનો અમલ થાય છે.

બાબાએ જયારે જાણ્યું કે તાત્યાનું મૃત્યુ વિજયાદશમીના દિવસે થશે ત્યારે એમણે શ્રી રામચંદ્ર દાદાજી કોટે પાટીલના સ્વપ્નમાં આવી આ વાત કરી. ત્યારે શ્રી રામચંદ્ર પાટીલ બીમાર હતા અને તાત્યા પણ બીમાર હતા. બાબાએ આ વાત ખાનગી રાખવા રામચંદ્ર પાટીલને કહી હતી પરંતુ રામચંદ્ર પાટીલે આ વાત બાલા સિમ્પીને જણાવી ચુપ રહેવા કહ્યું. ૧૯૧૮ નો એ દિવસ આવી ગયો. રામચંદ્ર પાટીલ હવે સારા થઈ ગયા હતા પણ તાત્યા તો પથારીમાંથી ઉઠી પણ શકતો ન હતો. બાલા સિમ્પી અને શ્રી રામચંદ્ર પાટીલ તાત્યાના ઘરે ચિંતાતુર થઈ બેઠા હતા. એટલામાં તાત્યાના શરીરમાં ચેતનાનો સંચાર થયો અને અચાનક એ ઉભો થઈ ચાલવા લાગ્યો. એકદમ સારો થઈ ગયો હોય તેમ એ ફરવા લાગ્યો. એનાથી માંદગીને લઈને બાબાના દર્શને જઈ શકાતું ન હતું એટલે દોડતો એ બાબાને મળવા મસ્જીદમાં ગયો. બાબાના ચરણમાં પોતાનું માથું મૂકી રડવા લાગ્યો. બાબાએ જોયું તાત્યા સારો થઈ ગયો છે. શામાને કહ્યું કે એને એના ઘરે મૂકી આવો. આશરે બપોરે બે વાગ્યાનો સમય હતો. આ બાજુ ધીમેધીમે બાબાની તબિયત બગડવા લાગી. આમ, તાત્યાને નવજીવન આપવા માટે પોતાના દેહનો ત્યાગ કર્યો હતો.

બાબાના મહાપ્રયાણ પછી તાત્યા કોટે પાટીલ આશરે ૨૭ વર્ષ જીવ્યા. બાબા તરફથી મળેલ આ અણમોલ જીવનને એમણે બાબાની સેવામાં તથા એમણે બતાવેલા રસ્તે વ્યતિત કર્યું. ૧૯૪૫ માં બાબાનું સ્મરણ કરતા કરતા એમણે પોતાનો દેહ છોડયો. એમના ઉપર બાબાની અસીમ કૃપા હતી.

ખેતી - NAની જમીન
Savli, Waghodia, Panchmahal, Anand, Nadiad, Ahmedabad
ખરીદ-વેચાણ તથા ભાડે લેવા માટે મળો
AGRICULTURE & NA LAND
BUY - SELL - RENT
99257 68291

# લંડન (ઓન્ટારિયો) નજીક સ્ટ્રેથરોય ખાતે 'હરિપ્રબોધમ વોલીબોલ ટૂર્નામેન્ટ ઉત્સવ 2026'નો ભવ્ય સમાપન: 600 ખેલાડીઓએ રમત સાથે આત્મીયતાની મહેક પ્રસરાવી












સ્ટ્રેથરોય (ઓન્ટારિયો): કેનેડાના લંડન શહેરથી નજીક આવેલા સ્ટ્રેથરોય ખાતે ગયા સપ્તાહના અંતે (7 અને 8 માર્ચ) યોગી ડિવાઈન સોસાયટી કેનેડા - હરિપ્રબોધમ પરિવાર દ્વારા આયોજિત બે દિવસીય 'હરિપ્રબોધમ વોલીબોલ ટૂર્નામેન્ટ ઉત્સવ 2026 ' અત્યંત ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થઈ. સતત 8મા વર્ષે યોજાયેલી આ સ્પર્ધા માત્ર રમત નહીં, પરંતુ 'આત્મીયતા'ના સંદેશને જીવંત કરતો એક મહોત્સવ બની રહી હતી.

સ્ટ્રેથરોય ડિસ્ટ્રિક્ટ કોલેજિયેટ ઈન્સ્ટિટ્યૂટ ખાતે આયોજિત આ ટૂર્નામેન્ટમાં કેનેડાના ખૂણેખૂણેથી 50 ટીમો અને 600થી વધુ ખેલાડીઓ જોડાયા હતા. ખાસ કરીને ઓન્ટારિયોના વિવિધ શહેરો જેવા કે વિન્ડસર, લંડન, કિચનર, હેમિલ્ટન, ઈટોબિકોક, સ્કાર્બરો, બ્રેમ્પ્ટન, ઓશાવા, બેરી, નોર્થ યોર્ક અને બેલેવિલથી મોટી સંખ્યામાં યુવાનો ઉમટી પડ્યા હતા. આ ઉપરાંત મોન્કટન (ન્યૂ બ્રુન્સવિક), વિન્નિપેગ (મેનિટોબા) અને મોન્ટ્રીયલ (ક્વેબેક) થી પણ ખેલાડીઓએ ખાસ હાજરી આપી હતી. આ તમામ ખેલાડીઓ માટે સ્ટ્રેથરોયની પ્રતિષ્ઠિત 'હોલિડે ઈન એક્સપ્રેસ' હોટલ ખાતે રાત્રી રોકાણ ની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી, સાથે જ બંને દિવસ નાસ્તો, લંચ, ડિનર અને ડેઝર્ટનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેની પાછળ અનેક સ્પોન્સર્સનો અમૂલ્ય સહયોગ રહ્યો હતો. આ ભવ્ય આયોજનની સફળતા પાછળ યોગી ડિવાઈન સોસાયટી કેનેડા - હરિપ્રબોધમ પરિવારના સ્વયંસેવકોએ પોતાનો સમય અને શક્તિ અર્પી હતી, જેના કારણે આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત મહેમાનો માટે તમામ વ્યવસ્થાઓ ખૂબ જ ચોકસાઈપૂર્વક પાર પડી શકી હતી.

ટૂર્નામેન્ટની વિશિષ્ટતા તેની 'ડ્રાફ્ટ સિસ્ટમ' હતી, જેમાં અલગ-અલગ શહેરોના ખેલાડીઓને એક જ ટીમમાં જોડીને તેમની વચ્ચે નવા મૈત્રી સંબંધો અને આત્મીયતા કેળવવાનો નવતર પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમુદાયના વડીલો 'ઓનર્સ' તરીકે ટીમ સાથે જોડાઈને ખેલાડીઓને સતત પ્રોત્સાહિત કરતા રહ્યા હતા. આમ થઈ દરેક ટીમમાં કુલ ૮-૯ ખેલાડીઓ હતા.

ટૂર્નામેન્ટનું ઉદ્‌ઘાટન શનિવારે સવારે 9:30 વાગ્યે કરવામાં આવ્યું હતું. ટૂર્નામેન્ટના ફોર્મેટ વિશે વાત કરીએ તો, પ્રથમ દિવસે શનિવારે રાઉન્ડ-રોબિન લીગ મેચો રમાઈ હતી. જેમાં દરેક ટીમે 6 મેચો રમી હતી અને પ્રત્યેક મેચ 11 પોઈન્ટ અથવા મહત્તમ 13 મિનિટના સમયગાળા સુધી રમાડવામાં આવી હતી. આ ફોર્મેટને કારણે દરેક ટીમને પોતાની વ્યૂહરચના અને કૌશલ્ય બતાવવાની પૂરતી તક મળી હતી. પ્રથમ દિવસના અંતે પોઈન્ટ ટેબલના આધારે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ટોચની 14 ટીમોને બીજા દિવસે રમાનાર નોકઆઉટ રાઉન્ડ માટે સીધો પ્રવેશ આપવામાં આવ્યો હતો. રવિવારે રમાયેલી નોકઆઉટ મેચો અત્યંત રસાકસીભરી રહી હતી.

આ કાર્યક્રમમાં આધ્યાત્મિક ચેતનાનો સંચાર ત્યારે થયો જ્યારે હરિપ્રબોધમ પરિવાર કેનેડાના પ્રાદેશિક સંત પૂજ્ય સુહૃદસ્વામીજીએ ઓનલાઈન ઝૂમ માધ્યમથી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો. તેમણે ખેલદિલી અને આત્મીયતાનો સંદેશ પાઠવતા ગુરુહરી પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી મહારાજ અને પ્રત્યક્ષ ગુરુહરી પ.પૂ. પ્રબોધસ્વામીજી મહારાજ દ્વારા આપેલા "We Are One" ના દિવ્ય સિદ્ધાંતને બિરદાવ્યો હતો. આ સંસ્કારોની જ ફળશ્રુતિ હતી કે બે દિવસ દરમિયાન 200થી વધુ મેચો અને સખત સ્પર્ધા હોવા છતાં, કોઈ પણ ખેલાડી કે ટીમ વચ્ચે ક્યાંય પણ ઉગ્ર દલીલ કે બોલાચાલીનો એક પણ કિસ્સો બન્યો નહોતો, જે આ આયોજનની સાચી સફળતા અને આત્મીયતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે.

આ પ્રસંગે સ્ટ્રેથરોય-કેરાડોકના મેયર કોલિન ગ્રાન્થમે ખાસ મુલાકાત લીધી હતી. તેમણે આયોજનની શિસ્ત, યુવાનોની એકતા અને વ્યવસ્થાપન જોઈને અત્યંત પ્રભાવિત થઈને આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ આવા ઉમદા કાર્યક્રમો માટે સ્ટ્રેથરોયમાં સંપૂર્ણ સહકાર આપવાનું વચન આપ્યું હતું.

રવિવારનો દિવસ ખેલાડીઓ અને દર્શકો માટે યાદગાર બની રહ્યો હતો, કારણ કે વોલીબોલની રમતની સાથે સાથે હોલમાં વિશાળ સ્ક્રીન પર સૌએ સાથે મળીને ICC T20 વર્લ્ડ કપની ફાઈનલ મેચ નિહાળી હતી.જ્યારે ભારતે આ મેચમાં વિજય મેળવ્યો, ત્યારે સમગ્ર કેમ્પસ વિજયના નાદ અને આનંદથી ગુંજી ઉઠ્યું હતું, જેણે આખા વાતાવરણમાં એક નવો જ જોશ ભરી દીધો હતો.

આ રોમાંચક વાતાવરણ વચ્ચે રમાયેલી વોલીબોલની ફાઈનલ મેચમાં 'મિસિસાગા મરણિયા' અને 'એડમોન્ટન એકાંતિક' ની ટીમો આમને-સામને હતી. અત્યંત રસાકસી બાદ 'મિસિસાગા મરણિયા' ટીમે શાનદાર ટીમવર્ક અને સંયમ બતાવીને હરિપ્રબોધમ વોલીબોલ ટૂર્નામેન્ટ 2026નો વિજયી ખિતાબ પોતાના નામે કર્યો હતો. અંતે, વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી અને સૌએ એક પરિવારની જેમ આ મહોત્સવની યાદોને હૃદયમાં સંઘરી વિદાય લીધી હતી.



// Swami Shreeji //
HariPrabodham Canada Cordially Invites
શ્રીરામનવમી
Shree Ramnavmi
&
શ્રીહરિ જયંતી
Shree Hari Jayanti
Please join us with your family and friends to celebrate the auspicious occasion of Shree Ramnavmi & Shree Hari Jayanti, which includes a unique cultural program.
Saturday March 28, 2026 at 4:30 PM
Followed by Aarti and Prasad
Please join us at:
Yogi Divine Society Canada
Hindu Swaminarayan Mandir and Cultural Centre
6875 Professional Ct, Mississauga ON L4V 1Y3
(905) 678-1166

# બેસ્ટ વોયેજ - ઉજવી રહ્યું છે, સફળતા ના 25 વર્ષ

તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે. બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા.... ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.

IATA

Best Voyage Pvt. Ltd. | CELEBRATING 25th ANNIVERSARY

scan me
અમારા તમામ પેકેજો જાણવા માટે અહિંયા સ્કેન કરો

ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....

## વિન્ટર સ્પેશિયલ ગુજરાતી ગ્રુપ ટુર ડિપાર્ચર - 2026, સમર ગ્રુપ ડિપાર્ચર


કેનેડિયન રોકીઝ ૦૯ રાત્રિ / ૧૦ દિવસ


અમેઝિંગ અમેરિકા - ૧૫ રાત / ૧૬ દિવસ


ડિસ્કવરી અમેરિકન - ૨૩ રાત / ૨૪ દિવસ


અમેરિકન વંન્ડર - ૧૯ રાત / ૨૦ દિવસ


ઈસ્ટર્ન યુરોપ વિથ ક્રોએશિયા - ૧૬ રાત / ૧૭ દિવસ


યુકે વિથ આયર્લેન્ડ - ૧૦ રાત / ૧૧ દિવસ


યુરોપ યાત્રા - ૧૮ રાત્રિ / ૧૯ દિવસ


સ્કિનિક સ્કેન્ડિનેવિયા - ૧૨ રાત / ૧૩ દિવસ


બાકુ વિથ જ્યોર્જિયા - ૧૧ રાત / ૧૨ દિવસ


સાઉથ આફ્રિકા - ૧૦ રાત્રી / ૧૧ દિવસ


ન્યુઝીલેન્ડ - ૧૨ રાત / ૧૩ દિવસ


ઓસ્ટ્રેલિયા - ૧૨ રાત્રી / ૧૩ દિવસ


ડિસ્કવર જાપાન વિથ અલ્પાઈન રૂટ - ૧૦ રાત્રી / ૧૧ દિવસ


સિંગાપોર મલેશિયા વિથ ક્રુઝ - ૦૮ રાત્રી / ૦૯ દિવસ


હોંગકોંગ મકાઉ શેનઝેન - ૦૮ રાત્રી / ૦૯ દિવસ


રોમાંચક વિયેતનામ - ૦૯ રાત્રિ / ૧૦ દિવસ


બ્યુટીફૂલ બાલી - ૦૬ રાત્રી / ૦૭ દિવસ


લક્ઝુરિયસ દુબઈ - ૦૭ રાત્રી / ૦૮ દિવસ

યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો +91 99989 77746 / +91 95864 11313

હેડ ઓફિસ એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત

બ્રાંચ ઓફિસ નિકોલ (અમદાવાદ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ

**ઓલ ઈન્ક્લુઝિવ પ્રીમિયમ ગ્રુપ ટુર... ગેરેન્ટેડ ડિપાર્ચર ટુર... એક્સપર્ટ ટુર લીડર્સ... વેજ. અને જૈન ફૂડ ની સુવિધા... કોઈપણ છૂપો ખર્ચ નહિ...**

**અમારા ટ્રાવેલ એક્ઝિક્યુટ સાથે વાત કરવા માટે આજે જ કોલ કરો: / http: / / wa.me / +919998977746**

# નમસ્કાર ગુજરાત દૈનિક સીને મીડિયા ફાઉન્ડેશન આયોજિત વિશ્વ મહિલા દિવસ નિમિત્તે નારી રત્ન સન્માન સમારોહ - ૨૦૨૬ વિદ્યાનગરી વિદ્યાનગર ખાતે યોજાયો











આંતરરાષ્ટ્રીય વિશ્વ મહિલા દિવસ અંતર્ગત નમસ્કાર ગુજરાત દૈનિક અને સીને મીડિયા ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા આયોજિત તથા તનિષ્ક જ્વેલર્સ, તનેરા સાડી અને મિયા બાયા તનિષ્ક વડોદરા-આણંદના માર્કેટિંગ મેનેજર વિવેક વ્યાસના સહયોગથી વિશ્વ મહિલા દિવસની ઉજવણી નિમિત્તે નારી રત્ન સન્માન સમારોહ - ૨૦૨૬નું ૮ માર્ચ, રવિવારે એમ.પી. પટેલ ઓડિટોરિયમ, વિદ્યાનગર ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારંભના આયોજક સીને મીડિયા ફાઉન્ડેશન સંસ્થાના પ્રમુખ ડૉ. કલ્પેશ પટેલ હતા. અતિથિ વિશેષ તરીકે ઉન્નતિ દેસાઈ (યુનિટી વર્લ્ડ એશિયા અર્થ લોરિયલ મિસિસ ઈન્ટરનેશનલ વર્લ્ડ), શૈલેષ શાહ (પ્રિન્સ પાર્થ ફિલ્મ્સ), ડૉ. સ્મિત પટેલ (ડિરેક્ટર), નીતીશ પંચાલ, જુનિયર નાના પાટેકર જયેશ વ્યાસ, નિમિષાબેન જાની (ટ્રસ્ટી, સિને મીડિયા ફાઉન્ડેશન), ભારતીબેન પટેલ (પ્રમુખ, જાગૃતિ મહિલા સમાજ - આણંદ), હંસાબેન ધ્રુવ (સામાજિક કાર્યકર), ઈવા પટેલ (મંત્રી, સિને મીડિયા ફાઉન્ડેશન), કમલાબેન પટેલ, સોનલબેન પટેલ, વૈશાલી શાહ, જયશ્રી ભટ્ટ, ડૉ. પ્રવીણાબેન પંડ્યા, અમૃતા (મેકઅપ આર્ટિસ્ટ), શિલ્પા જોષી તથા જુનિયર દિલીપકુમાર ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાંથી સાહિત્યકાર, લોકસાહિત્યકાર, ફિલ્મ, શૈક્ષણિક, મીડિયા, લોકનેતા, બિઝનેસવુમન, રમતવીર અને સામાજિક ક્ષેત્ર સહિત વિવિધ ૧૧ વિભાગોમાં સરાહનીય કામગીરી બદલ “નારી રત્ન સન્માન - ૨૦૨૬” કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્રમાંથી પણ મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી. તેમને આમંત્રિત મહેમાનોના હસ્તે સુંદર ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા સીને મીડિયા ફાઉન્ડેશનના ટ્રસ્ટી નિમિષાબેન જાની, મંત્રી ઈવાબેન પટેલ, રમેશ ઠાકોર (સી.ઈ.ઓ., વાઈબ્રન્ટ મલ્ટીમીડિયા તથા સરપંચ - રૂપિયાપુરા ગ્રામ પંચાયત), નીતીશ પંચાલ, હર્ષિદા પંચાલ, રાજુ ગોહેલ (પત્રકાર), નયનભાઈ, સુનિલ રાજપૂત (ફોટોગ્રાફર), પીનાકીનભાઈ, પ્રિયા શર્મા, રાજલક્ષ્મી સિંહ, આરતી, હર્ષ જાની (માલિક - એચ.એમ. એજ્યુકેશન), મીડિયા પાર્ટનરો તથા ડૉ. કલ્પેશ પટેલના પરિવારજનોએ મહત્વનો ફાળો આપ્યો હતો. જુનિયર દિલીપકુમારે પોતાના સુંદર અવાજમાં ફિલ્મી ગીતો રજૂ કરી સૌને હસાવતાં સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું.

આ કાર્યક્રમમાં “ગુજરાતનો ધબકાર” ન્યૂઝપેપર અને ચેનલે મીડિયા પાર્ટનર તરીકે સેવા આપી હતી. નડિયાદના બ્યુરો ચીફ મહેશભાઈને ટ્રોફી અને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ખીચોખીચ ભરાયેલા ઓડિટોરિયમમાં કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદના બાળકો દ્વારા પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ અતિથિ વિશેષ મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને વિદ્યાની દેવી મા સરસ્વતી તથા શક્તિ સ્વરૂપા નારીઓને બિરદાવવાનો કાર્યક્રમ શરૂ થયો હતો. ત્યારબાદ આમંત્રિત મહેમાનોએ મહિલા દિવસના પ્રસંગે પોતાના મનનીય વિચારો રજૂ કર્યા હતા. તેમણે આત્મનિર્ભર નારી અને સ્ત્રી સશક્તિકરણને બિરદાવતાં મહિલાઓને તેમની ફરજો પણ યાદ કરાવી હતી.

આણંદના સામાજિક કાર્યકર સોનલ પટેલ અને અમદાવાદના સામાજિક કાર્યકર વૈશાલી શાહ દ્વારા તમામ સન્માનિત બહેનોને ગિફ્ટ આપવામાં આવી હતી.

અંતમાં કાર્યક્રમના આયોજક ડૉ. કલ્પેશ પટેલ અને તનિષ્ક જ્વેલર્સના માર્કેટિંગ મેનેજર વિવેક વ્યાસનું સીને મીડિયા ફાઉન્ડેશનના ટ્રસ્ટી નિમિષાબેન જાની દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ડૉ. કલ્પેશ પટેલ અને નિમિષાબેન જાનીનું સન્માન જાગૃતિ મહિલા સમાજના પ્રમુખ ભારતીબેન પટેલે કર્યું હતું. કાર્યક્રમના આયોજક ડૉ. કલ્પેશ પટેલને નીતીશ પંચાલ (નિક ફિલ્મ), હર્ષિદા પંચાલ અને ચંદ્રિકા ફાઉન્ડેશનના પ્રમુખ ચંદ્રિકા મકવાણા દ્વારા ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન નવસર્જન વિશ્વ વિક્રમ સાહિત્ય મંચ અને નમસ્કાર ગુજરાત દૈનિક સાહિત્ય સર્જન ગ્રૂપના સહિયારા સંપાદનથી રચાયેલું પુસ્તક “એક ભારતના શિલ્પી - જય સરદાર પટેલ”નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

અંતમાં સન્માનિત નારીઓના ગ્રુપ ફોટા તથા ચા-નાસ્તા સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. તમામ સન્માનિત નારીઓના ટૂંકા ઈન્ટરવ્યૂ પણ લેવામાં આવ્યા હતા. આજના કાર્યક્રમની સફળતા સૌના હસતાં ચહેરામાં સ્પષ્ટપણે પ્રતિબિંબિત થતી હતી.

# ટી20 વર્લ્ડકપ 2026માં ભારત ત્રીજી વખત વિજેતા

## અમદાવાદમાં ટીમ ઈન્ડિયાએ રચ્યો ઈતિહાસ: 96 રને ન્યુઝીલેન્ડને ફાઈનલમાં હરાવી લહેરાવ્યો તિરંગો




### જસપ્રીત બુમરાહ મેન ઓફ ધ મેચ અને સંજૂ સેમસન પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ બન્યા

### ભારતે વિજેતા બનીને અનેક રેકોર્ડ બનાવ્યા છે જેમાં:

● ભારત ત્રણ વખત ટી20 વર્લ્ડ કપ જીતનારી એકમાત્ર ટીમ બની ગઈ છે. ● ભારત ટૂર્નામેન્ટના 19 વર્ષના ઈતિહાસમાં ખિતાબ ડિફેન્ડ કરનારી પહેલી ટીમ છે. ● ટી20 વર્લ્ડ કપની ફાઈનલમાં સૌથી મોટો સ્કોર ભારતીય ટીમના નામે નોંધાયો છે. ● ફાઈનલમાં ભારતીય ટીમના પહેલા ત્રણેય બેટ્સમેને 50 રન ફટકારીને ઈતિહાસ સર્જ્યો છે. ● ભારતીય ટીમ ટી20 વર્લ્ડ કપના ઇતિહાસમાં ન્યૂઝીલેન્ડ સામે પહેલીવાર મેચ જીતી છે.

### સેમીફાઈનલ અને ફાઈનલમાં અડધી સદીનો રેકોર્ડ:

ટી20 વર્લ્ડકપના ઈતિહાસમાં એક જ એડિશનની સેમીફાઈનલ અને ફાઈનલ એમ બંને મહત્વની મેચોમાં 50 કે તેથી વધુ રન બનાવનાર બેટ્સમેનની યાદીમાં સંજૂ સેમસને સ્થાન મેળવ્યું છે.

### સતત ત્રણ મેચમાં ફિફ્ટી ફટકારવાની સિદ્ધિ:

સંજુ સેમસને માત્ર સેમીફાઈનલ અને ફાઈનલ જ નહીં, પરંતુ તે પહેલા વેસ્ટ ઈન્ડિઝ સામેની નિર્ણાયક મેચમાં પણ અડધી સદી ફટકારી હતી. આમ, વર્લ્ડકપમાં સતત ત્રણ મેચમાં 50 પ્લસ સ્કોર કરનાર બેટર્સની યાદીમાં તે સામેલ થયો છે.

### વર્લ્ડ કપમાં સૌથી વધુ પાવરપ્લે સ્કોર કરનાર ભારત

ભારતે T20 વર્લ્ડ કપ ફાઇનલમાં ન્યૂઝીલેન્ડ સામે પાવરપ્લેમાં કોઇ વિકેટ ગુમાવ્યા વિના 92 રન બનાવ્યા હતા. આ ટુર્નામેન્ટના ઇતિહાસમાં સૌથી વધુ પાવરપ્લે સ્કોર છે. સેમસને સતત ત્રીજી મેચમાં અડધી સદી ફટકારી, જેનાથી ભારત એક મોટા સ્કોર સુધી પહોંચ્યું. જોકે, સંજુ સેમસને સદી ફટકારી ન હતી, તેણે 46 બોલમાં 89 રન બનાવ્યા, જેમાં પાંચ ચોગ્ગા અને આઠ છગ્ગાનો સમાવેશ થાય છે.







## ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર કેનેડા દ્વારા ભારતીય ટીમ ને ખૂબ ખૂબ અભિનંદન


















ટીમ ઈન્ડિયાની ટ્રોફી સાથેની ગૌરવભરી ક્ષણ

### ભારતીય ખેલાડીઓની ઉજવણીના યાદગાર દ્રશ્યો




ટીમ ઈન્ડિયાએ આઈસીસી ટી20 વર્લ્ડ કપ 2026 પર પોતાના કબજો કર્યો છે. ભારતે રવિવારે (8 માર્ચ 2026) ન્યૂઝીલેન્ડને 96 રનથી હરાવીને વિશ્વભરમાં ભારતનો તિરંગો લહેરાવ્યો છે. સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળ ટીમે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 256 રનનું વિશાળ લક્ષ્ય આપ્યું હતું જેના જવાબમાં ન્યૂઝીલેન્ડની ટીમ 19 ઓવરમાં 159 રન પર જ ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતે ન્યૂઝીલેન્ડને 96 રને હરાવતા ભારતીય T20 વર્લ્ડ કપ 2026માં ચેમ્પિયન બની છે.

બંને ટીમો પહેલીવાર ટી20 વર્લ્ડ કપની ફાઈનલમાં ટકરાઈ હતી. સૌથી વધુ સંજૂ સેમસને 89 રન ફટકાર્યા હતા. જ્યારે અભિષેક શર્માએ 52 અને ઈશાન કિશને 54 રન બનાવ્યા હતા. આ સિવાય શિવમ દુબેએ 26, હાર્દિક પંડ્યાએ 18 રનની પાળી રમી હતી. ભારતીય ટીમે આ સિવાય વધુ એક ઈતિહાસ રચ્યો છે. ભારતીય ટીમના પહેલા ત્રણેય બેટ્સમેને 50 રન (ફિફટી) ફટકાર્યા છે.

T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં અત્યાર સુધી કોઈ પણ યજમાન દેશ પોતાના દેશમાં ટ્રોફી જીતી શક્યો નથી. ભારતે આ અશુભ માન્યતા તોડીને ઘરઆંગણે જ વર્લ્ડ કપ જીતનાર પ્રથમ દેશ બનવાનું ગૌરવ હાંસીલ કર્યું છે.

સંજુ સેમસન અને અભિષેકે ન્યૂઝીલેન્ડના બોલરો પર દબાણ બનાવ્યું અને ટીમને મજબૂત શરૂઆત આપી. બંને બેટરોએ પ્રથમ વિકેટ માટે અડધી સદીની ભાગીદારી કરી. આ પહેલી વાર છે જ્યારે કોઈ ટીમે T20 વર્લ્ડ કપ ફાઈનલમાં 50 થી વધુ રનની ઓપનિંગ ભાગીદારી કરી હોય. ફાઈનલમાં બંને બેટ્સમેનોએ ઓપનિંગ વિકેટ માટે 98 રન ઉમેર્યા હતા. રચિન રવિન્દ્ર દ્વારા અભિષેકને આઉટ કરીને આ ભાગીદારીનો અંત આવ્યો હતો. અભિષેક 21 બોલમાં છ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી 52 રન બનાવીને આઉટ થયો હતો. આ સિવાય ટોચના ત્રણ બેટ્સમેનોએ પહેલીવાર અડધી સદી ફટકારી છે. કારણ કે ઈશાન કિશને પણ 54 રનની ઈનિંગ રમી હતી.

ભારતીય ટીમના બોલર્સનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું હતું જેમાં હાર્દિક પંડ્યા - 1 વિકેટ, અક્ષર પટેલ - 3 વિકેટ, જસપ્રીત બુમરાહ - 4 વિકેટ, વરુણ ચક્રવર્તી - 1 વિકેટ, અભિષેક શર્મા - 1 વિકેટ લિધી હતી.

ભારતે જીત મેળવતા જ દેશમાં દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો અને લોકો ભારત માતાની જય, અને તિરંગા સાથે રસ્તા પર ઉતરી આ જીતના જશનને મનાવતા જોવા મળ્યા હતા. આ મેચ દરમ્યાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ, રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સ્ટેડિયમ ખાતે ફાઈનલ મેચને નિહાળી હતી ઉપરાંત નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, જય શાહ, કપિલ દેવ, રવિ શાસ્ત્રી, રોહિત શર્મા, મહેન્દ્રસિંહ ધોની, ફાલ્ગુની પાઠક સહિતના દિગ્ગજ નેતાઓ અભિનેતાઓ, ક્રિકેટરો આ જીતના સાક્ષી બન્યા હતા તો ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ ટીમ ઈન્ડિયાને આ જીત બદલ ટ્વીટ કરી અભિનંદન પાઠવ્યા હતા.